RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : ૫

જૂન - ૨૦૧૬

કિંમત - રૂ.૧૦/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ



છોડમાં રણછોડ અને વૃક્ષમાં વાસુદેવનાં દર્શન કરૂં,
પ્રકૃતિની આ પરંપરામાં, ભાગીદારી મારી પણ કરૂં.



# શિક્ષણ પર્વના આરંભે....

વ્હાલા જ્ઞાતિબંધુ – ભગિનિઓ,

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

જૂન માસમાં શાળા–કોલેજોમાં નવા શૈક્ષણિક સત્રનો આરંભ થઈ રહ્યો છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનાં પરિણામો આવી ગયાં છે અને યુનિવર્સિટી પરીક્ષાના પરિણામો તબક્કાવાર આવી રહ્યા છે. આ તમામ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનારા રઘુવંશી લોહાણા સમાજના તમામ વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન સાથે ઉજ્જવળ ભાવિની શુભકામનાઓ પાઠવું છું. જૂન માસના આ દિવસો એક પ્રકારે શિક્ષણ–જ્ઞાન અને વિદ્યા પર્વના છે. બોર્ડની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે કારકિર્દીની પસંદગીના વળાંકે વડીલો અને નિષ્ણાતોના માર્ગદર્શન ઉપરાંત પોતાની સ્વયંની રસ–રૂચીને લક્ષમાં રાખીને આગળ વધે એ જરૂરી છે. પરિવારના વડીલોની અપેક્ષા અને મહત્ત્વાકાંક્ષાના બોજ હેઠળ સંતાનોની વિશિષ્ટ પ્રતિભા કચડાઈ ન જાય તેની કાળજી પણ એટલી જ જરૂરી છે.

શિક્ષણ અને જ્ઞાનના પર્વના આ દિવસોમાં માતૃસંસ્થાની શિક્ષણ અને યુવા સમિતિના સંકલ્પોની સૌને યાદ અપાવવાનું જરૂરી જણાય છે. એ સંકલ્પ એટલે રઘુવંશી સમાજના પ્રત્યેક યુવક–યુવતિએ કમસે કમ ગ્રેજ્યુએશન એટલે કે સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ અવશ્ય મેળવવું. લોહાણા સમાજનો કોઈ યુવાન ગ્રેજ્યુએટ થયા વિના શિક્ષણ નહીં છોડે. બોર્ડની પરીક્ષા પછી વ્યાવસાયિક કારકિર્દીને લક્ષમાં રાખીને કોઈ પણ ડિપ્લોમા કોર્સમાં પણ આગળ વધી શકાય છે. સંજોગવસાત્ બોર્ડની પરીક્ષામાં સફળ ન થવાયું હોય તો પણ ફરી પરીક્ષા આપીને ગ્રેજ્યુએટ થવાનો સંકલ્પ પુરો કરો. પરિવારના વડીલો પણ તેમના સંતાનોને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન આપે એવી સૌને અપીલ છે. આજના યુગમાં શિક્ષણ અને જ્ઞાનનું ખૂબ જ મહત્ત્વ છે. ઉચ્ચ શિક્ષણ એ માત્ર ડિગ્રી મેળવવા માટે જ નહીં તો આપણા માનસિક વિકાસ માટે પણ બહુ જરૂરી છે. શિક્ષણ દ્વારા મનની ક્ષિતિજો વિશાળ બને છે. આપણા સમાજમાં યુવતિઓ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આગળ વધી રહી છે ત્યારે યુવાનો આ બાબતમાં કંઈક અંશે પાછળ હોવાનું અનુભવાય છે. આ અસમાનતા ભવિષ્યમાં સામાજિક પ્રશ્નો ઉભા કરે છે એટલે આ અસમાનતા દૂર કરવાનો દૃષ્ટિકોણ માતૃસંસ્થાએ અપનાવ્યો છે. ઉચ્ચ શિક્ષણની અનિવાર્યતાને આપણે સમજવી પડશે. પારિવારિક અને પરંપરાગત વ્યવસાયમાં અને તેના વિકાસમાં પણ ઉચ્ચ શિક્ષણ તેમજ ઇન્ફોર્મેશન ટેકનોલોજીનું જ્ઞાન ઉપયોગી બને છે. ભવિષ્યનો સમાજ જ્ઞાન–કેન્દ્રિત હશે અને તેમાં રઘુવંશી લોહાણા સમાજનું સ્થાન અગ્ર હરોળમાં હોવું જોઈએ એવું આપણે ઈચ્છીએ છીએ.

આપણા સમાજના અસંખ્ય તેજસ્વી યુવાનોને ઉચ્ચ શિક્ષણમાં આગળ વધવા માટે પરિવારની નબળી આર્થિક સ્થિતિ અવરોધરૂપ બને છે. આવા યુવાનોને શ્રી લોહાણા મહાપરિષદ તેમજ અનેક સ્થાનિક મહાજનો, જ્ઞાતિના શ્રેષ્ઠીઓ દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે. નાણાંના અભાવે કોઈનું શિક્ષણ અધૂરું ના રહે કે કારકિર્દી રોળાઈ ન જાય તેની ચિંતા અને કાળજી સમાજે રાખવી જ જોઈએ. સમાજશ્રેષ્ઠીઓની સહાયથી માતૃસંસ્થા આ કર્તવ્યને બજાવે છે. જરૂરીયાતમંદ લોકોએ આવી સહાય મેળવવામાં સંકોચ રાખવાની જરૂર નથી. તેમ સમાજના સંપન્ન લોકો પણ આ શિક્ષણ અને જ્ઞાનયજ્ઞમાં ઉદાર હાથે સહાય આપે. માત્ર સંપન્ન લોકો જ નહીં તો સામાન્ય મધ્યમ વર્ગના લોકો પણ શિક્ષણ સહાયના યજ્ઞમાં પોતાનું પ્રદાન આપી શકે એવી યોજના આપણી શિક્ષણ સમિતિએ વિચારીને અમલમાં મૂકી છે. આપ સૌ તેમાં માસીક કે વાર્ષિક ધોરણે એક હજારથી પાંચ હજાર કે પચીસ હજાર સુધીનું ભંડોળ આપી શકો છો. આ ઉપરાંત શક્ય હોય તો સંપન્ન પરિવારોએ આપણા સમાજના જરૂરતમંદ તેજસ્વી યુવાનોની ઉચ્ચ શિક્ષણની જવાબદારી ઉઠાવવા માટે તેને દત્તક લેવા પણ વિચારવું જોઈએ. કેટલાક લોકોએ આવા પ્રયોગ પણ કર્યા છે. યાદ રાખો, આપણા પરિવારની કોઈ દિવંગત વ્યક્તિની સ્મૃતિમાં અપાતી શિક્ષણ સહાયથી કારકિર્દીમાં આગળ વધનાર જ્ઞાતિના યુવાનો એ જીવંત સ્મારકો છે એ આગળ વધીને સમાજને ઉપયોગી બનશે. સમાજ કે મહાજનની સહાયથી શિક્ષણ મેળવીને આગળ વધેલા અને સ્થાયી થયેલા લોકોએ પણ સમાજનું ઋણ ચુકવવા શિક્ષણ સહાયમાં પોતાનું પ્રદાન આપવું જોઈએ.

રઘુવંશી લોહાણા સમાજના વિવિધ ક્ષેત્રો અને ફેકલ્ટીઓમાં શિક્ષણ માટે આગળ વધી રહેલા યુવાનો–યુવતિઓને ફરી ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ. સાથોસાથ આ વર્ષે શિક્ષણ પૂર્ણ કરીને નોકરી–વ્યવસાયના ક્ષેત્રે પદાર્પણ કરવા જઈ રહેલા યુવાનોને પણ તેમના ઉજ્જવળ ભાવિ માટે શુભકામનાઓ સાથે તેઓ તેમની કારકિર્દીમાં ઉચ્ચ શિખરો સર કરી દેશ અને વિદેશમાં રઘુવંશી સમાજની પ્રતિષ્ઠા વધારે એવી અભ્યર્થના.

આપ સૌનો શુભાકાંક્ષી,

**પ્રવિણ ટી. કોટક**

**પ્રમુખ - શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : ૫
જૂન - ૨૦૧૬
અંક : ૫૫
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : તરુણ દત્તાણી
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)
રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (ઇન્દોર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : ૧૮ સળંગ અંક : ૨૧૩

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

- માતૃસંસ્થાની અટારીએથી ..... ૨
- તંત્રી લેખ ..... ૩
- થેલેસીમિયા નાબૂદી અભિયાન ..... ૪
- મહિલા વિભાગની કારોબારી બેઠક તથા સ્થાનિક મહિલા સંમેલન ..... ૮
- પર્યાવરણની જાળવણીમાં વડીલોની મહત્ત્વની ભૂમિકા ..... ૧૦
- છુટાછેડાના બનાવો... એક ગંભીર સામાજીક સમસ્યા ..... ૧૬
- વિભાગીય સમાચાર ..... ૧૮
- કાર્યાલય સમાચાર ..... ૨૦
- સંસ્થા સમાચાર ..... ૨૧
- સમિતીઓની વિવિધ ગતિવિધીઓ ..... ૨૩
- શુભેચ્છા-જાહેરાત સૌજન્ય : ..... ૨૪

તંત્રી લેખ

# થેલેસીમિયા નાબૂદી, આપણી પ્રતિબધ્ધતા

ગત મે માસની આઠમી તારીખે વિશ્વ થેલેસીમિયા દિનની ઉજવણી કરવામાં આવી. થેલેસીમિયા રોગની નાબુદી માટે વિશ્વભરમાં જાગૃતી ફેલાવવાના આશયથી આ દિવસની ઉજવણી થતી હોય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવણી માટે એટલા બધા દિવસો જાહેર કરવામાં આવેલા છે કે આવા અનેક દિવસો તો આવીને પસાર થઈ જાય છે અને તેની નોંધ પણ લેવામાં આવતી નથી એવા સંજોગોમાં વિશ્વ થેલેસીમિયા દિનની ઉજવણી પણ ભારતમાં અને વિશ્વમાં અનેક સ્થાનોએ માત્ર પ્રતિકાત્મક બની રહી હશે. એવા સંજોગોમાં ગુજરાતમાં અને ગુજરાતની બહાર પણ જ્યાં જ્યાં રઘુવંશી લોહાણા સમાજ વસે છે ત્યાં ત્યાં શ્રી લોહાણા મહાપરિષદ અને તેની અંતર્ગત કાર્યરત થેલેસીમિયા સમિતિના એલાનને માન આપીને ઠેર ઠેર વિશ્વ થેલેસીમિયા દિનની ઉજવણી નિમિત્તે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા. લોહાણા સમાજમાં આ રોગ વ્યાપક રીતે પ્રવર્તે છે અને સમાજ આ સમસ્યાથી પીડાય છે એટલે આપણા સમાજે આ દિવસની ઉજવણી કરી એવું માનીને તેની ઇતિ શ્રી કરવા જેવી નથી. આ વિશ્વ દિનની ઉજવણીને આપણે ગંભીરતાથી લીધી તેનું મહત્ત્વનું કારણ આપણા સમાજમાંથી આ રોગની સંપૂર્ણ નાબુદીના આપણા સંકલ્પનું છે. આ ઉજવણી માટેના આપણા ઉત્સાહને પણ આ સંદર્ભમાં જોવો જોઈએ. આગામી વર્ષોમાં થેલેસીમિયાને આપણા સમાજમાંથી સંપૂર્ણ નાબુદ કરીને રઘુવંશી સમાજને થેલેસીમિયા મુક્ત કરવાના આપણા નિર્ધારનું પ્રતિબિંબ એ ઉજવણીમાં જોવાયું છે. આપણે માત્ર પ્રચાર કે પ્રસિધ્ધિ અર્થે આ વિશ્વ દિનની ઉજવણી નથી કરી. આપણા માટે એ એક નિમિત્ત હતું સમાજમાં જાગૃતિ લાવવા માટે કાર્યક્રમો યોજવાનું. રઘુવંશી સમાજે આ રોગની નાબુદી માટે જે પ્રકારે અવિરત અને સતત ઝુંબેશ ચલાવી છે અને સમાજના કોઈ પણ જાહેર પ્રસંગે થેલેસીમિયા ટેસ્ટ માટેના શિબિરોના આયોજનની પ્રણાલી ઉભી કરી છે, એ સમાજ આ રોગની નાબુદી માટે કેટલા અંશે ગંભીર અને પ્રતિબધ્ધ છે તેનો સંકેત આપે છે. એટલે જ વિશ્વ થેલેસીમિયા દિનને રઘુવંશી સમાજે એક અવસર ગણીને અપનાવ્યો અને માત્ર રઘુવંશી સમાજ જ નહીં તો બાકીના લોકો પણ આ રોગની ગંભીરતા સમજે અને જાગૃત થાય એ માટે રેલીઓ, સમારંભો, પરીક્ષણ શિબિરો, સેમિનાર, વાર્તાલાપ વગેરે પ્રકારના કાર્યક્રમો યોજ્યા. અવિરત ઝુંબેશના પરિણામો હવે રઘુવંશી સમાજમાં જોવા મળી રહ્યા છે. હવે લોકો થેલેસીમિયા ટેસ્ટ સ્વેચ્છાએ કરાવતા અને તેનો રિપોર્ટ જાહેર કરતા થયા છે. સમાજ આ રોગથી મુક્ત થવાની દિશામાં આગળ વધી રહ્યો છે તેનો આ સંકેત છે. આપણા સંકલ્પને આપણે પૂર્ણ કરીને ઝંપીશું એવો આત્મવિશ્વાસ પ્રગટ્યો છે એજ સૌથી મોટી સાર્થકતા છે.

– તરુણ દત્તાણી




# થેલેસીમિયા નાબૂદી અભિયાન





સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા 'થેલેસીમિયા નાબૂદી અભિયાન' અંતર્ગત તા. ૮મી મે, ૨૦૧૬ના રોજ 'વિશ્વ થેલેસીમિયા દિવસ'ના અનુસંધાને સમગ્ર ભારત ભરમાં ઘણાબધા શહેરોમાં વિવિધ પ્રકારના કાર્યક્રમોનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું. જેના થકી આપણા સમાજમાં ખૂબ જ મોટા પ્રમાણમાં પ્રસરી ચૂકેલા 'થેલેસીમિયા' નામના મહારાક્ષસને જડમૂળથી નાબૂદ કરી શકાશે. શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય, અમદાવાદ ખાતે તા. ૮-૫-૨૦૧૬ને રવિવારના રોજ 'થેલેસીમિયા જાગૃતિ મહારેલી'નું પણ આયોજન કરવામાં આવેલ.



'થેલેસીમિયા જાગૃતિ મહારેલી'ની શુભ શરૂઆત સવારે ૭-૪૫ કલાકે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ગર્વનરશ્રી યોગેશભાઈ લાખાણી, માનનીય શ્રી સી.કે. ઠક્કર સાહેબ, આદરણીય શ્રી નવિનચંદ્ર રવાણી સાહેબ, શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા તમામ જ્ઞાતિશ્રેષ્ઠીઓએ રેલીને ફ્લેગઓફ આપી શરૂઆત કરાવી.



'થેલેસીમિયા જાગૃતિ મહા રેલી'માં અમદાવાદની તમામે












તમામ સંસ્થાઓનાં હોદ્દેદારો, કારોબારી સક્ષ્યશ્રીઓ તેમજ અમદાવાદના રઘુવંશી પરિવારના સભ્યો ખૂબ મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. 'થેલેસીમિયા જાગૃતિ મહારેલી'માં સ્કૂટર, કાર, ઊંટગાડી, ટ્રેકટર અને વિશેષતઃ થેલેસીમિયા રોગ અંગેની સમજ આપતો 'ટેબ્લો' સૌના આકર્ષણનું કેન્દ્ર હતું.

'થેલેસીમિયા જાગૃતિ મહારેલી' મધ્યસ્થ કાર્યાલયથી શરૂ કરી પકવાન ચાર રસ્તા, માનસી સર્કલ, કેશવબાગ પાર્ટી પ્લોટ, શિવરંજની ચાર રસ્તા થઈ નહેરુનગર–વિનસ પાર્ક લેન્ડ ખાતે શ્રી અરૂણભાઈ ઠક્કર (શીતલવર્ષા) તરફથી સીંગ તેમજ ચા કોફીની સૌએ લિજ્જત માણી. રેલીને આગળ વધારતાં સી.એન.વિદ્યાલય, પંચવટી થઈ લો–ગાર્ડન ખાતે શ્રી લોહાણા પરિવાર તરફથી ધોમધમતા તાપને ધ્યાને લઈ 'રસના'થી સૌને સંતૃપ્ત કરાવી અને આગળ વધવા શક્તિનો સંચાર કરાવ્યો.



લો–ગાર્ડનથી આગળ વધતાં મીઠાખળી, ઈન્કમટેક્સ, ઉસ્માનપુરા થઈ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વાડજ ખાતે 'લોહાણા મિલન' દ્વારા વિશેષરૂપે 'મસાલેદાર અને અદ્‌ભુત છાશ' આપી સૌનો રેલી દરમ્યાનનો થાક ઉતારી દીધો. યોગાનુયોગ, વિશ્વ થેલેસીમિયા ડે ઉપરાંત ૮મી મે 'ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ડે' હોવાથી ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા સૌ પધારેલ રઘુવંશીઓનું કંકુ–તિલક કરી સાથે તેમનાં જ બેન્ડ દ્વારા સંગીતના જલસા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

સમાપન સ્થળે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા કમ્પાઉન્ડમાં સૌ માટે બેસવાની વ્યવસ્થા કરવામાં આવેલ. જ્યાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીનાં નવનિયુક્ત ચેરમેન શ્રી ડૉ. ભાવેશભાઈ આચાર્યશ્રી, વાઈસ ચેરમેનશ્રી, મંત્રીશ્રી પ્રકાશભાઈ પરમારે પોતાનાં પ્રાસંગિક પ્રવચનમાં થેલેસીમિયા અંગેની તેમની કામગીરીનો પરિચય કરાવ્યો. સાથે શ્રી લોહાણા મહાપરિષદનાં મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સમાજને જાગૃત કરવાના આવા કાર્યક્રમોની ખૂબ જ જરૂરિયાત છે. તેવો વિશેષ ભાર મૂક્યો.



શ્રી લોહાણા મહાપરિષદનાં ગર્વનરશ્રી યોગેશભાઈ લાખાણી કે જેઓએ સમગ્ર સમાજમાંથી થેલેસીમિયા રોગને નાબૂદ કરવો હોય તો લગ્ન પહેલાં થેલેસીમિયા પરિક્ષણ ખૂબ જ જરૂરી છે. એ વાત પર વિશેષ ભાર મૂક્યો તેમજ થેલેસીમિયા નાબૂદી અભિયાન અંતર્ગત સમગ્ર સમાજ જાગૃત થાય તે માટે વિશેષ વાત કરી થેલેસીમિયા સમિતિના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા. અંતે 'થેલેસીમિયા મુક્ત રઘુવંશ' ના સ્વપ્નદૃષ્ટા તેમજ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે સમાજમાંથી થેલેસીમિયા રોગને જડમૂળથી નાબૂદ કરવામાં શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ખર્ચ બાબતે કોઈપણ પ્રકારની કચાશ રાખવામાં આવશે નહિ તેવી બાંહેધરી આપી તેમજ સમાજમાંથી રોગને નાબૂદ કરવામાં આપણા સમાજની તમામે–તમામ સંસ્થાઓને જાગૃત થવા ખાસ અપીલ કરી અને આ રેલીનું આયોજન કરવા બદલ થેલેસીમિયા સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઈ ઉનડકટ, મંત્રી શ્રી અલ્પેશભાઈ જોબનપુત્રા તેમજ તેમની તમામ ટીમને વિશેષ અભિનંદન આપ્યા તેમજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીનો પણ વિશેષ આભાર વ્યક્ત કર્યો.





થેલેસીમિયા નાબૂદી અભિયાન અંતર્ગત આપણા સમાજના નાના ભૂલકાંઓ (ક્રિશ ગોવાણી, યશ રાજવીર, મીત ઠક્કર, શ્રુતિ ઠક્કર) દ્વારા એક સુંદર મજાનું નાટક શ્રી મેહુલભાઈ કાનાબારના માર્ગદર્શન હેઠળ ભજવવામાં આવ્યું. નાટકને અંતે શ્રી મુકુન્દભાઈ ઠક્કર તરફથી દરેક બાળકને એક યાદગાર ભેટ આપવામાં આવી. ઉપસ્થિત સૌએ આ નાટકને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

અંતે શ્રી લોહાણા મહાપરિષદના થેલેસીમિયા સમિતિનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઈ ઉનડકટ દ્વારા આભારવિધિ પૂર્ણ કરી ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આયોજિત ભોજન પ્રસાદ માટે ગયા અને સૌ છૂટા પડ્યાં.

સમગ્ર રેલી દરમ્યાન શ્રી રઘુવીરભાઈ ગઢિયા તરફથી 'મિનરલ વોટર'ની વિશેષ સેવા પ્રાપ્ત થઈ. જે ખૂબ સરાહનીય હતી.



# રાજકોટમાં યોજાઈ થેલેસીમિયા નાબૂદી રેલી






સમગ્ર વિશ્વના ૨૫ લાખ લોહાણાઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થેલેસીમિયા નાબૂદી અભિયાનને વેગવંતુ રાખી, થેલેસીમિયા મેજર બીમારીને સંપૂર્ણપણે જાકારો આપવાના કટીબધ્ધ અભિયાન તેમજ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના "થેલેસીમિયા મુક્ત રઘુવંશ"ના સ્વપ્નને સાર્થક કરવાની ચળવળના ભાગરૂપે ૨૦૧૬નું વર્ષ "થેલેસીમિયા નાબૂદી વર્ષ" તરીકે ઉજવવાની જાહેરાત થઈ છે. જેના અંતર્ગત તા. ૮ મે, થેલેસીમિયા ડે નિમિત્તે શ્રી લોહાણા મહાપરિષદ થેલેસીમિયા સમિતિ દ્વારા સમગ્ર ભારત વર્ષમાં તથા વૈશ્વિક સ્તરે અનેકવિધ કાર્યક્રમો સૌ મહાજનો, જ્ઞાતિસંસ્થાઓના સથવારે હાથ ધરાયા હતા. શ્રી લોહાણા મહાપરિષદ થેલેસીમિયા સમિતિ દ્વારા રાજકોટમાં શ્રી રાજકોટ લોહાણા મહાજનના સથવારે અને રઘુવંશી સમાજની સર્વે સંસ્થાઓના સહકારથી અનેકવિધ કાર્યક્રમો હાથ ધરાયા હતા. જેના અંતર્ગત સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસીમિયા પીડીત બાળકોના લાભાર્થે "મેગા રક્તદાન શિબિર" હોસ્પિટલ સેવા મંડળના સહકારથી યોજાઈ જેમાં ૧૦૨ રક્તદાતાઓએ પોતાના રક્તનું સ્વૈચ્છિક દાન કર્યું. થેલેસીમિયા ડે, રવિવાર, સવારે ૭-૦૦ કલાકે, કિશાનપુરા ચોક, રાજકોટ ખાતેથી "થેલેસીમિયા નાબૂદી અભિયાન પદયાત્રા" રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ શ્રીમતી કાશ્મીરાબેન નથવાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ જેમાં રઘુવંશી સમાજની તેમજ સર્વ સમાજની વિવિધ સંસ્થાઓ જોડાઈ. આ પદયાત્રાનું પ્રસ્થાન રાજકોટના મેયર ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાયે "થેલેસીમિયા નાબૂદી સંકલ્પ" લેવડાવીને કરાવ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી મિત્તલ ખેતાણીએ આ પ્રસંગે રાજકોટના ગૌરવ સમા "ફનસ્ટ્રીટ"ના પ્રણેતા જીતુભાઈ ગોટેચાના માર્ગદર્શનમાં ૧૧૦૦ જેટલા યુવક-યુવતીઓ તથા બાળકોને "લગ્ન પહેલાં થેલેસીમિયા ટેસ્ટ" અચૂક કરાવવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.



# થેલેસીમિયા નાબૂદી અભિયાન અંતર્ગત મુલુન્ડના વિવિધ વિસ્તારોમાં નીકળેલ જનજાગૃતિ રેલીને જ્ઞાતિજનો તરફથી સુંદર પ્રતિસાદ

શ્રી લોહાણા મહાપરિષદ પ્રેરિત અને શ્રી કચ્છી લોહાણા મહાજન–મુંબઈ દ્વારા આયોજીત થેલેસીમિયા નાબૂદી અભિયાનનું આયોજન ઘેલાણી ચેરીટેબલ ટ્રસ્ટ અને સત્કાર્ય ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ૫–૬–૨૦૧૬ના રોજ પદ્માવતી બેંકવેટ હોલ ખાતે કરવામાં આવ્યું છે. તે નિમિત્તે મુલુન્ડના વિવિધ વિસ્તારો કે જ્યાં લોહાણાઓનો વસવાટ છે એવા વિસ્તારોમાં રવિવાર તા. ૨૯–૫–૨૦૧૬ના રોજ એક જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનો શુભારંભ શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખ વસંતકુમાર માણેકે શ્રીફળ વધેરી કર્યો હતો.

આ અવસરે શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈના સેક્રેટરી તેમજ શ્રી લોહાણા મહાપરિષદના ખજાનચી નીતિન જી. ઠક્કર (પાંધી), શ્રી લોહાણા મહાપરિષદ મેડિકલ સમિતિના વાઈસ પ્રેસીડેન્ટ ડૉ. પ્રવિણ દૈયા તેમજ ક.લો.મ.મુંબઈ યુવા સમિતી અધ્યક્ષ તેમજ કન્વીનર ચંદ્રેશ જેઠાલાલ મજેઠીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ક.લો.મ. મુંબઈ મહિલા અધ્યક્ષ દિવ્યાબેન ઠક્કર, ઉપાધ્યક્ષ પંકજભાઈ ગોધાણી, ઉલ્હાસનગર, અંબરનાથ, બદલાપુર શ્રી લોહાણા મહાજન પ્રમુખ તરુણભાઈ લાલાઈ, મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રભારી ભરત દનાણી, ક.લો.મ. મુંબઈ આરોગ્ય સમિતિના ડૉ. અડવા, કિશોરભાઈ ચંદન, કાનજીભાઈ તન્ના, પપન ચંદ્રાણી, નિર્મલ ઠક્કર, કિશોર સોમૈયા, કમલેશ સોમૈયા, યોગેશ ઠક્કર, પરસોત્તમ પૂજાણી, લાલજી સર, શાંતિલાલ ઠક્કર (ભાજપા થાણા જિલ્લા ગુજરાતી સેલના અધ્યક્ષ), રાજેશ ઠક્કર, બીના પાંધી, જાનવી ઠક્કર, નિલેશ તન્ના, અભિષેક તન્ના, કેવલ રૂપારેલ, ભાવિક તન્ના સહિત જ્ઞાતિના આગેવાનો તથા યુવા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ રેલી અંબાજીધામથી શરૂ થઈ વર્ધમાન નગર, મહાપરિષદ, ગાયવાલા બિલ્ડીંગ, કોઠારી એસ્ટેટ, જલારામ એસ્ટેટ, સાધ નિવાસ, કચ્છી મહાજન, કોઠારી નિવાસ, વસંત નિવાસ, રઘુવંશી નગર, મીરાણી નગર તથા મુંલુંડના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. આ સમયે ઉપસ્થિત લોકોએ થેલેસીમિયા નાબૂદી અભિયાનમાં તમામ લોહાણા જ્ઞાતિજનોને જોડાવાની અપીલ કરી હતી અને આ અભિયાનને સફળતમ બનાવવાની પ્રાર્થના કરી હતી.

## થેલેસીમિયા ડે નિમિત્તે નખત્રાણા-ભૂજ-આદિપુરમાં યોજાયેલ કાર્યક્રમોની તસવીરી ઝલક



થેલેસીમિયા જનજાગૃતિ અભિયાન નિમિત્તે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કચ્છ વિભાગના નખત્રાણા, આદિપુર, ભુજ જેવા સ્થળોએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી કે.સી.ઠક્કર તથા જ્ઞાતિના આગેવાનોએ ભાગ લઈ સમગ્ર સમાજમાં થેલેસીમિયાના રોગ વિશે જાગૃતિ લાવવાના આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## થેલેસીમિયા અંગે મહામંત્રીશ્રીઓને નમ્ર અપીલ

સમાજના યુવાન દિકરા દિકરીઓમાં થેલેસીમિયા અંગે જાગૃતિ આવે તે માટે જ્ઞાતિના તમામ કાર્યક્રમોમાં થેલેસીમિયાની જાણકારી માટે અવશ્ય પાંચથી દસ મિનિટ ફાળવવી. થેલેસીમિયા રક્ત પરિક્ષણની અગત્યતા, થેલેસીમિયા માઈનોર એ કોઈ રોગ નથી. એક પ્રકારની રક્તની લાક્ષણિકતા છે. ભારત સરકાર દ્વારા જ તાજેતરમાં થેલેસીમિયા મેજરની ગંભીરતાને ધ્યાનમાં લઈ ધો.૮ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે આ પરિક્ષણ આવશ્યક અને નિ:શુલ્ક જાહેર કરેલ છે. આ અંગે વધુ માહિતી માટે માતૃસંસ્થાની વેબસાઈટ તથા થેલેસીમિયા સમિતિને સંપર્ક કરવો.



## થેલેસીમિયા મેજર બાળકો માટે બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ

થેલેસીમિયા મેજર બાળકોને બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન કરાવવા માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત શાખાની ભલામણથી ગુજરાત કેન્સર સોસાયટી ખાતે ઓપરેશન નહીવત્ ખર્ચમાં કરી આપવામાં આવશે. આ અંગે જરૂરિયાતમંદ/પિડિત પરિવારોને આ અંગે માહિતી આપી માધ્યમ બનવા આપને આથી અપીલ કરીએ છીએ. આ માટે વધુ માહિતી માટે મધ્યસ્થ કાર્યાલયનો સંપર્ક કરવો.

- કાર્યાલય

# શ્રી લોહાણા મહાપરિષદ-મહિલા વિભાગની કારોબારી બેઠક તથા સ્થાનિક મહિલા સંમેલન














તા. ૧૪ મે, ૨૦૧૬ને શનિવારના રોજ ભૂજ મૂકામે શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિભાગ દ્વારા મહિલાઓની કારોબારી દ્વારા સ્થાનિક મહિલા સંમેલન રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ સુશ્રી નિમાબેન આચાર્યના સીધા માર્ગદર્શન હેઠળ અત્યંત સફળતાપૂર્વક યોજાયું. તા. ૧૬ મે ને શુક્રવારના બપોરથી જ કચ્છ બહારની મહિલા પ્રતિનિધિઓનું આગમન શરૂ થઈ ગયેલ. બહેનોએ ભૂજ શહેર, માંડવી, માતાના મઢ તથા અન્ય સાનુકૂળ સ્થળોની મુલાકાત લીધેલ. નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે તા. ૧૪ મે, ૨૦૧૬ને શનિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ભૂજ લોહાણા મહાજનવાડી ખાતે કારોબારી સભાની શરૂઆત રઘુવંશી ધ્વજવંદન ગીતથી કરવામાં આવી. ભૂજ લોહાણા મહાજનના મંત્રી શ્રી બાલકૃષ્ણભાઈ તથા શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી સુશ્રી કાશ્મીરાબેન નથવાણી દ્વારા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા મહિલા ટ્રસ્ટીશ્રીઓ દ્વારા જ્ઞાતિશ્રેષ્ઠીઓનું સ્વાગત કરવામાં આવ્યું. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કારોબારી સભાને માર્ગદર્શન આપતાં મહિલાઓ દ્વારા કેવી રીતે માતૃસંસ્થાના માધ્યમથી સમાજના છેવાડાના પરિવારોને આર્થિક તથા માનસિક રીતે સમૃદ્ધ બનાવવામાં કેવી ભૂમિકા ભજવી શકે તે ઉપર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. અત્રે, શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટીશ્રીઓ સુશ્રી વિણાબેન પાંધી તથા સુશ્રી મીતાબેન મસરાણીએ નિમાબેન આચાર્ય દ્વારા અપનાવાયેલ આ અભિગમને બિરદાવ્યો હતો અને આ પ્રકારના આયોજનોથી મહિલાઓને પ્રોત્સાહન મળશે તથા જ્ઞાતિના વિકાસમાં પણ ચોક્કસ ભાગીદારી નોંધાવી શકશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. અત્રે, મુંબઈથી ખાસ પધારેલા સુશ્રી લીલાબેન કોટક મહારાષ્ટ્ર વિભાગના મહિલા અધ્યક્ષ સુશ્રી રશ્મિબેન વિઠલાણી, મધ્યભારત વિભાગના અધ્યક્ષ સુશ્રી શીલાબેન પોપટ, મહિલા વિભાગના વરિષ્ઠ ઉપપ્રમુખ સુશ્રી અલકાબેન કોટક ઉપરાંત નાસિક, રાજકોટ, જામનગર, અમદાવાદ, વિરમગામ તથા અન્ય















શહેરોમાંથી પધારેલ બહેનોએ પણ પોતાની રજૂઆતો કરી હતી. અત્રે મહિલા અધ્યક્ષ સુશ્રી નિમાબેન આચાર્યએ સૌ મહિલાઓને માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ સ્વાવલંબન, મહિલા સશક્તિકરણ તથા સરકારી યોજનાઓની જાગૃતિ ઘર ઘર સુધી પહોંચાડી જરૂરિયાતમંદ પરિવારોને લાભ અપાવવા માટે સૌ જાગૃત મહિલા પ્રતિનિધિઓને અપીલ કરી હતી. લગભગ ૯૦ મિનિટ ચાલેલી આ બેઠક બાદ આ કાર્યક્રમ સંમેલનમાં ફેરવાયો હતો જેમાં બીજા હોલમાં લગભગ પાંચસો જેટલા સક્રિય મહિલા સભ્યો શ્રી લોહાણા મહાપરિષદના આ કાર્યક્રમના સાક્ષી બનવા ઉત્સુક હતા. ધ્વજવંદન ગીત, સ્વાગત નૃત્ય યજમાન ભૂજ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ તથા ટીમ દ્વારા પ્રમુખશ્રીનું ભવ્ય સ્વાગત અને સાથોસાથ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી નિમાબેન આચાર્ય તથા તમામ વરિષ્ઠ હોદ્દેદારોનાં પ્રાસંગિક ઉદ્‌બોધનો બાદ કચ્છ વિસ્તારના રાજકીટ રીતે ચૂંટાયેલા જ્ઞાતિના લોકપ્રતિનિધિઓનું સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપ્સા આચાર્ય તથા હેન્સી ઠક્કરે કરેલ. આ સમગ્ર કાર્યક્રમમાં કચ્છ વિભાગના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે.સી. ઠક્કર, શ્રી સુરેશભાઈ ઠક્કર, શ્રી રાજેશભાઈ પલણ, શ્રી મુકેશભાઈ ઠક્કર, શ્રી અમૃતભાઈ મજીઠીયા, સુશ્રી સુશીલાબેન રેલાન, ગુજરાત વિભાગના યુવા અધ્યક્ષ અને મૂળ ગાંધીધામના શ્રી ધવલભાઈ આચાર્ય વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. લગભગ બપોરે ૩-૦૦ કલાકે સુંદર આતિથ્ય અને ભોજનપ્રસાદનો આનંદ માણી સૌ છૂટા પડ્યા હતા. ત્યારબાદ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કચ્છની કુળદેવી મા આશાપુરાના માતાના મઢ ખાતે દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યાંથી પરત ફરી, નખત્રાણા ખાતે નખત્રાણા લોહાણા મહાજનના શ્રેષ્ઠીઓએ પ્રમુખશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું





હતું. નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રાજેશભાઈ પલણે નખત્રાણામાં વસતા લોહાણા પરિવારોની માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે નખત્રાણામાં, શ્રી લોહાણા મહાપરિષદના ઈતિહાસમાં માતૃસંસ્થાના પ્રમુખ પ્રથમ વખત નખત્રાણા ખાતે પધાર્યા છે તેનો વિશેષ આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કચ્છના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે.સી.ઠક્કર પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ, માધાપર મુકામે શ્રી હરિનિકેતન વયસ્ક વિશ્રામસ્થાનની મુલાકાત લીધી હતી. સુંદર વહીવટ અને વ્યવસ્થાથી તમામ હોદ્દેદારોને પ્રમુખ શ્રી પ્રવિણભાઈએ અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે, કચ્છની મીઠી યાદો અને શ્રી પ્રવિણભાઈ કોટકની શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકેની અત્યંત સફળ રહેલી પ્રથમ મુલાકાતની મીઠી યાદો સાથે અમદાવાદ જવા રવાના થયા હતા.




સંકલન : કાશ્મીરા નથવાણી, શ્રી લોહાણા મહાપરિષદ

# પર્યાવરણની જાળવણીમાં વડીલોની મહત્ત્વની ભૂમિકા

આપણે સૌ જાણીએ છીએ તેમ પર્યાવરણ, ક્લાયમેટ ચેન્જ કે ગ્લોબલ વોર્મિંગની કુદરતી વિશ્વવ્યાપી ઘટનાઓની શૃંખલાઓમાં આપણી જીવનશૈલી મહદ્અંશે જવાબદાર બની રહેછે અને તેથી જ આપણી રોજીંદી રહેણીકરણીમાં સંગીન બદલાવ લાવવો જરૂરી છે.

યુએન – સંયુક્ત રાષ્ટ્રોની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ પણ સમજીને સ્વીકાર્યું છે કે પૃથ્વી અને તમામ જીવસૃષ્ટિ પરસ્પર નિર્ભર છે. પૃથ્વીનું સમગ્ર પરિસર આપણું આશ્રયસ્થાન છે. પૃથ્વી અને કૃતિ સાથે આપણે જ સુમેળ જાળવવો જ જોઈએ.

યુએન દ્વારા ઠરાવ પણ પસાર કરીને પૃથ્વીને ધરતીમૈયા તરીકે ગણીને ઇન્ટરનેશનલ મધર અર્થ સ્વીકાર કર્યો છે. ધરતીમૈયાની કાળજી માત્ર એક ચોક્કસ દિવસ પૂરતી જ સીમિત નથી, પરંતુ રોજબરોજ ધરતીમૈયાની માવજત લેવાનું પણ હવે જણાવ્યું છે.

કુદરતના મૂળભૂત પાંચ તત્વો જળ, વાયુ, જમીન, ઊર્જા અને અનંત આકાશ તરફથી સમગ્ર જીવસૃષ્ટીનું પોષણ થઈ રહ્યું છે. કુદરતની આ ઇકોસિસ્ટમ અને પર્યાવરણની માવજતમાં આપણે કશું કરી શકીએ તે મુદ્દાઓ જાણવા, સમજવા અને શક્યતઃ વ્યક્તિગત કે સામૂહિક ધોરણે અમલમાં મૂકવા માટે સૌને કટીબદ્ધ થવા માટે યુએન અને યુએનઈપી સંસ્થા દ્વારા હવે વખતોવખત અનુરોધ કરવામાં આવી રહ્યો છે.

પૃથ્વી પર માનવ વસ્તી અને વિસ્તાર બન્નેનો વ્યાપ વિશાળ છે. દેશમાં તંત્રના ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સ ટાંચા છે. આ સંજોગોમાં, હવે યુએન જેવી સંસ્થાએ પણ સ્વીકાર્યું છે કે દુનિયાનો સાતસો કરોડ જનસમૂદાય આ ભગીરથ કાર્યમાં જોડાય, ત્યારે કોઈપણ વ્યક્તિએ કરેલ નાનામાં નાનું કાર્ય સંચિતરૂપે એક વિશાળ વટવૃક્ષ જેવા સર્જનમાં યોગદાન નોંધપાત્ર બની શકે છે. આવા સંજોગોમાં, સમાજમાં સિનીયર સિટીઝન કે વડીલોનું યોગદાન પણ નોંધપાત્ર બની શકે છે, અને બની રહ્યું છે.

## વડીલોનું યોગદાન :

- શહેર કે નગરના પાણી પૂરવઠાનું પાણી જે નળમાંથી સવારમાં મળતું હોય, તેવા તમામ નળ વડીલો રોજ સુતા પહેલાં બરોબર બંધ કરવાની નાની ટેવ પાડી શકે છે.
- બાળકો કે ઘરના સભ્યએ ભૂલથી નળ ચાલુ રાખ્યો હોય, તેવા પાણી વહેતા કે ટપકતાં નળ વડીલો ઘરમાં હરતાફરતા બંધ કરીને પાણી જેવી અમૂલ્ય સંપદાને વેડફાતી અટકાવી શકે છે.
- કપડાં ધોવા કે વાસણ માંજવા માટે નળમાંથી પાણી સતત ચાલુ રાખવાને બદલે ડોલ કે મોટા તગારા જેવા વાસણમાં પાણી લઈને ઉપયોગ કરવાથી પાણી વેડફાતું અટકાવી શકાય છે. નળમાંથી પાણી સતત ચાલુ રાખવાને બદલે ટમ્બલરમાં પાણી લઈને પુરૂષ વર્ગ દાઢી કરે, તેવી જ રીતે ન્હાવા માટે પણ ફુવારામાંથી સતત પાણી ચાલુ રાખવાને બદલે જરૂરિયાત મુજબ ફુવારો ચાલુ – બંધ કરવાથી પાણીની નોંધપાત્ર બચત થાય છે.
- કોઈ સભ્ય કે શ્રમિકને ડોલ અને ટમ્બલર આપીને વહેતા પાણીથી કાર, વગેરે વાહનોને ધોવાને બદલે થોડા પાણીથી સફાઈ કરવા માટે પ્રેરિત કરી શકે છે.
- વીજ આધારીત સાધનો જ્યારે વપરાશમાં ન હોય ત્યારે તેની સ્વીચને ઘરના વડીલો કોઈને પણ ટોક્યા વગર બંધ કરી શકે છે.
- પાણીનો ભરેલો ગ્લાસ ધરીને ઘરે પધારતા મહેમાનો કે ઘરના સભ્યોનું સ્વાગત કરવાનો આપણો સંસ્કાર છે, પરંતુ સામાન્યતઃ એવું બને છે કે, આપણે કે મહેમાન ગ્લાસનું બધું જ પાણી ભાગ્યે જ પી જઈએ અને વધેલું એઠું પાણી પાણીયારામાં કે સિન્કમાં ઢોળવામાં આવે છે. જો ઘરના વડીલ જ સ્નેહથી સૌને સમજાવે અને આવનાર મહેમાનને પણ સહજ ભાવે વાતચીતમાં ઉલ્લેખ કરવાની ટેવ પાડે, ત્યારે ક્રમશઃ રોડની એક ડોલથી વધુ પાણી વેડફાતું અટકાવી શકાય છે. આ શિરસ્તો નિભાવવાનો બીજો પણ વિકલ્પ છે, ઘરમાં પાણીયારા કે સિન્ક પાસે મૂકેલી એક ડોલમાં ભેગું કરેલું આવું પાણી ઘરના આંગણામાં રોપેલા ફૂલછોડને પાવામાં વાપરી શકાય, તેવી શિખામણ વડીલો આપી શકે છે.

જય રઘુવંશ.....

જય મહાપરિષદ.....


## હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર
પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

## હાર્દિક શુભેચ્છા સહ

સુરેશભાઇ એચ ચંદારાણા પરિવાર
ઉપપ્રમુખ (સૌરાષ્ટ વિભાગ), રાજકોટ
૯૮૨૪૦ ૬૬૩૭૫

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

Nitin Raichura
98251 75353

Aan Automobile

Shri Ram Sarvjanik Hospital, Sec.

Shree Grurukupa
Shraddha Realities Pvt. Ltd.
Builders & Developers

Saurastra Cricket Association, Tre.

The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

## શ્રી ભરત હંસરાજ દનાણી



પ્રભારી - શ્રી લોહાણા મહાપરિષદ
મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ
સર્વ લોહાણા જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા
તથા
જય ઝૂલેલાલ

ROYAL | EXPRESS
BETTERING TOMORROW



www.royalexpressbus.com

DAILY SERVICE: 2X1, A/C & NON A/C SLEEPER & SEATING COACH
GANDHIDHAM-BHUJ-MUNDRA-MANDVI-ADIPUR-ANJAR
RAJKOT-JAMNAGAR-DWARKA-MITHAPUR-BARODA-SURAT-VAPI
UDAIPUR-AJMER-JAIPUR
MUMBAI-PUNE-NASIK-SHIRDI-AHMADNAGAR-DHULIYA-AURANGABAD
DAILY PARCEL SERVICE M.9909900178

Sandeep Jayakar
Director - Operations
M : +91 93223 32038

Universal Currency Exchange (I) Pvt. Limited

Office : Shop No. 1, Chintamani Plaza, Andheri Kurla Road, Andheri (East)
Mumbai 400 099. Landline : 022 6500 0425 / 426 / 427
Email : sandeep@currencyexchange.net.in

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...

079 4008 2288

OUR SERVICES


Domestic & International Air Tickets


World Wide Hotel Booking


Car & Bus on Rent


Passport, Visa & Travel Insurance Assistance


Rail & Bus Tickets


Domestic & International Tour Packages

Address: UGF-7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com

## થેલેસેમિયા ભગાવો......

## સમાજ સુરક્ષિત બનાવો....

**હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧**

JTC
Jalaram Transport Co.
FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT
H.O : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

Hero
Bipin Batavia
Proprietor

**SHIVANG AUTOMOBILES**
Authorised Dealer Hero MotoCorp Ltd.

Showroom :
Near Old Mumbai Naka, New Mumbai-Agra Road, Nashik-422001.
Telephone : (0253) 2503121, 25003221 Fax : (0253) 2500679
Mobile : +91 9822034505 E-mail : shivang.nasik@heromotocorp.biz,
heromotocorp@shivangautomobilesindia.com

**હાર્દિક શુભેચ્છા સહ**
શ્રી લોહાણા મહાપરિષદ
**ભરતભાઇ ચંદારાણા**
**પરિવાર**

**હાર્દિક શુભેચ્છા સહ**
**સુરેશભાઇ કોટક**
**પરિવાર, નાશિક**

**હાર્દિક શુભેચ્છા સહ**
**કિશનભાઇ સોમાણી**
**પરિવાર, નાશિક**

**હાર્દિક શુભેચ્છા સહ**
**લલિતભાઇ સચદે**
**પરિવાર, નાશિક**

**હાર્દિક શુભેચ્છા સહ**
**જગદીશભાઇ ઠક્કર**
**પરિવાર, નાશિક**

## મિસ કોલ પ્રોજેક્ટ...૯૯૦૯૯૦૦૧૨૩, પર અવશ્ય ફોન કરો.

From celebrations to recreation to relaxation. Radisson, Kandla has it all.




Radisson

**ભરતભાઈ રેલીયા, રાજકોટ**
**૯૮૨૫૦ ૭૮૯૫૯**


PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

National Chairman,
Skill Development Committee,
Shree Lohana Mahaparishad.

Youth President(Gujarat),
Akhil Gujarat Lohana Samaj.

**JIGNESH BHAJIAWALA**



+91 98796 22555 jigneshbhajiawala@gmail.com
40, Gayatri Society-1, Udhnagam, Udhna, Surat- 394210.

**GITA KOTAK LOSE 11 KG. IN 3 MONTH**

Lose Weight
&
Earn Income
Call For Appointment
Girish Kotak
+91 9173624590
+91 9426370926



Results Are Not Tripical & May Vary From Person to person

**હાર્દિક શુભેચ્છા સહ**

શ્રી લોહાણા મહાપરિષદ

**કરશનભાઇ કતીરા**
**પરિવાર, નાશિક**

Project by :
DEV PROPERTIES
FF-111, Shiddhi Vinayak Complex, Opp. Railway Station,
Fatmaji Compound, Alkapuri, Vadodara.



187/12/B/1-2, Champaipura, Nr. CASA Paradise
Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

187, Champaipura, Nr. Narmada Vasahat
Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

MARVELOUS PLASTICS

2/9, BIDC Gorwa, Gorwa Road, Vadodara - 390016.
Phone : +91 265 2286141 Mobile : 9825037976
E-mail : maganbhairupavel@yahoo.co.in
marvelousco@yahoo.co.in

**હાર્દિક શુભેચ્છા સહ**

શ્રી લોહાણા મહાપરિષદ

**મુકેશભાઇ ચોથાણી**
**પરિવાર, નાશિક**

**હાર્દિક શુભેચ્છા સહ**

શ્રી લોહાણા મહાપરિષદ

**યોગેશભાઇ કાનાણી**
**પરિવાર, નાશિક**

રક્તદાન... મહાદાન.... Download : lmpbloodseva.org


## કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : અખિલ ગુજરાત લોહાણા સમાજ

shop : 23682362
## S.S.THAKKAR
Farm Fair, next to IOC Petrol pump
warden Road, Mumbai - 400026.
JUGHEAD · Bistro@ · FARM FAIR CHINESE CUISINE · baskin robbins

Jai Raghuvansh, Jai Mahaparishad
## DAMYANTI FOOD PRODUCTS
*(a Unit of B.K. Group, Nagpur)*
**Manufacturers Of :**
Idli Rawa, Upma Rawa (roasted), Wheat Daliya, Wheat Flour, Maida, Wheat Rawa Roasted, Jada Poha In Attractive Consumer Packs
For Trade Inquiries Contact : M - 09423682727
E mail : bkcogroup@gmail.com

## શ્રી હરીલાલ દયાળજીભાઈ રામાણી
આદીપુર
મો. ૯૮૭૯૧ ૩૮૧૫૩

ચેરમેન - મેરેજ બ્યુરો
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન

## MONARCH
MONARCH GROUP SUNIL RAJAI
(A house of complete Software Solution)
Our Software Services
- Accounting Software
- Income-Tax Software
- Service-Tax Software
- Web Designing
- Project report System Software.
- Value Added Tax Software
- Audit Reporting System
- smsmonarch.com

31-35, Gandhi Chambers, 5/694, Bhavaniwad, Haripura, Surat - 395003.
Tel. : (0261) 2418983-84-85-86 Customer Care: : 95100 56789 95101 56789
helpsurat@yahoo.com • www.i-tax.in

airtel
## શૈલેષભાઈ સોનપાલ
૯૮૯૮૬ ૫૨૧૬૩
SAMSUNG
Shivam Agency
Shivam Mobile Services Pvt. Ltd.
Radhey Sales Pvt. Ltd.
16, Karunesh Nagar, Near Small Wonder School
Parvat Patiya, Surat - 395010.

## હાર્દિક શુભેચ્છા સહ
## કિશોરભાઇ ઠક્કર પરિવાર, નાશિક

## PARi Creation
PARi Girls Ethnic Wear

414, Atlantic Plaza, Garage Gally, Near Tilak Bhavan,
K.G. Marg, X Tulsi Pipe Road, Dadar (W), Mumbai-28
Tel. : 022-24329342 / 24216983 Whatsapp : 9004257777
E-mail : pari.creation@yahoo.com Website : www.paricreation.com

- કાપડની થેલીમાં જ ચીજવસ્તુઓ લાવવાની તેઓની આદત, અન્યો માટે અનુસરવાનું જીવંત દૃષ્ટાંત બની શકે છે. આમ પ્લાસ્ટિકની થેલીઓનો વપરાશ ઘટાડીને પર્યાવરણ મિત્ર બની શકે છે.
- બાળકોના નાના મોટા બિનજરૂરી રમકડાં આંગણવાડીઓને આપવા માટે પ્રેરણા આપી શકે છે. અને ઘરમાં મોકળાશ પણ વધે છે. ઘરના બાળકો મોટા થવાથી બંધ ન બેસતા કે માપસરના ન રહેલા બિન વપરાશના કપડાંઓ અન્યોને આપી શકાય છે.

- **આડોશપાડોશમાં રહેતા વડીલો**

- આડોશપાડોશમાં રહેતા વડીલો અનેક પ્રવૃત્તિઓમાં જોડાઈ શકે છે. બાગબગીચા ઉપરાંત શેરી–સોસાયટીના રસ્તા, ચાર રસ્તાઓ પાસે બાંકડા બેઠકમાં વડીલો રોજબરોજ મળતા હોય છે. જનસમૂદાયોમાં પર્યાવરણની જાળવણીના મુદ્દાઓની તેઓ સહજ ચર્ચા કરીને જનજાગૃતિ કેળવવામાં યોગદાન આપી શકે છે.
- સમાજના અનેક સમૂદાયોના મંડળોમાં પણ વડીલો સેવાઓ આપી રહ્યા છે, આવા મંડળોના માધ્યમ થકી પર્યાવરણની જાળવણીના અનેક પાસાઓમાં વડીલો યોગદાન આપી શકે છે.
- સોસાયટીના કોમન પ્લોટ્સ કે નજીકના ગામ કે નગરના ફેફસા સમાન જાહેર બાગબગીચામાં ઉછરતા ફૂલછોડ, રોપાઓ કે વૃક્ષોના ઉછેરની વ્યવસ્થા અંગે સ્થાનિક કાર્યકર્તાઓ, વોર્ડના પ્રતિનિધિઓ કે કોર્પોરેટરનું વખતોવખત ધ્યાન દોરી શકે છે.
- અનેક જાહેર પર્વ કે ઉજવણીના પ્રસંગોમાં સંબંધિત કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરવામાં વડીલોની ભૂમિકા મહત્વની બની રહે છે. પ્રસંગોચિત સુવિચારો આપીને આવા જાહેર સ્થળો ખાતે કચરો ફેંકતા રહિશોનું ધ્યાન દોરીને સ્વચ્છતા જાળવવા માટે અપીલ કરી શકે છે. સ્વચ્છતા ઝુંબેશને ટેકો આપીને પર્યાવરણની માવજતમાં જરૂરી યોગદાન આપી શકે છે.
- દિવાળી કે ઉત્સવોમાં ફોડવામાં આવતા મોટા અવાજ કરતા ફટાકડાઓને બદલે રોશની ફેલાવતા ફટાકડાઓ વાપરવા માટે વડીલો સૌને પ્રોત્સાહીત કરી શકે છે.
- ધાર્મિક કે રાજકીય સભા–સરઘસ સાથે, લગ્નમાં વરઘોડા સાથે કે સત્કાર સમારંભ પ્રસંગોમાં હવે ડી.જે.ના ધૂમધમાકાનું ચલણ વધી રહ્યું છે. ત્યારે નાના શિશુઓ, દર્દીઓ, વૃદ્ધો અને અબોલ પશુપંખીઓ અને વિદ્યાર્થીને વધુ હાની થાય છે. વડીલ વર્ગ ઉચિત સલાહસૂચનો આપીને ધ્વનિ–દૂષણની સમસ્યા હળવી કરવામાં ઉમદા યોગદાન આપી શકે છે.
- આડોશપાડોશના રહિશો થોડા દિવસો માટે બહાર ગયા હોય, ત્યારે તેઓના આંગણામાં ફૂલછોડને પાણી પાવાનું કાર્ય કરીને પર્યાવરણ રક્ષકની ઉમદા ભૂમિકા નિભાવી શકાય છે.
- સાયકલ પર શાળા કે કોલેજ જતા આડોશપાડોશના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરીને સાયકલ સવારીની મજાની વાતો કરી શકે છે.

**અશક્ત વડીલો પણ બની શકે છે, પર્યાવરણના સહયોગી:**

મોબાઈલ અને સ્માર્ટફોન જેવા માધ્યમ મારફતે વડીલો પર્યાવરણલક્ષી મુદ્દાઓનું અન્યો સાથે વાતચીત કે સંદેશાઓ મૂકીને જનજાગૃતીનું કાર્ય કરી શકે છે ! ઘરના સભ્યો કે હિતેચ્છુઓ મારફતે પર્યાવરણ જાળવણી અંગે હાંસલ થયેલ કામગીરીની બીજાઓને જાણ કરી શકે છે.

શાળા–કોલેજ સહિતની અનેક શૈક્ષણિક સંસ્થાઓ, રાજ્યતંત્રની કચેરીઓ, પર્યાવરણવાદીઓ, ઉદ્યોગો અને સંનિષ્ઠ નાગરિકો અને વડીલો દ્વારા પર્યાવરણીય જાળવણી અંગેના પ્રસંગોપાત કાર્યક્રમો વખતોવખત યોજવામાં આવે છે. આ પ્રસંગોમાં મહત્વની વિગતોનું આદાનપ્રદાન થાય છે. બિનપરંપરાગત ઉર્જા, કચરો ઘટાડવા, સ્વચ્છ ટેકનોલોજી, હરિત ટેકનોલોજી, બાયોટેકનોલોજી, બાયોગેસ, સૂર્ય, પવન વગેરે પ્રકારની જનજાગૃતિ સહિત માહિતીનું આદાન પ્રદાન ઉપરાંત, ઔદ્યોગિક કચરો, મ્યુનિસિપલ કચરો, પ્લાસ્ટિકનો કચરો, બાયોમેડિકલ કચરો, ઇવેસ્ટ, વગેરેને સ્પર્શતા હિતાર્થીઓ વચ્ચે સહયોગ સમેત સમયસર ઘણી કામગીરી વધારવા માટે પૂરતો અવકાશ છે.

## નફા નુકશાનનો સીધો હિસાબ

છેલ્લાં ત્રીસ વરસથી ઝવેરી બજારમાં ઈડરવાળા મહાશંકર મહારાજની હોટલ ધમધોકાર ચાલતી હતી, છતાં એમણે જિંદગીમાં હિસાબનો ચોપડો રાખ્યો નહોતો. સાંજે જે ગલ્લો આવે એમાંથી બીજા દહાડે સવારે દાણાવાળા, શાકવાળા, દૂધવાળાના હિસાબ ચૂકવી દેતા.

“બાપા” ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયેલા દીકરા મનહરે દુકાનમાં દાખલ થતાં કહ્યું, “આ તે તમે કેવી રીતે ચલાવો છો ?, ચોપડા વગર કેટલો નફો થયો એની કેવી રીતે ખબર પડે ?”

“જો બેટા, હું દેશમાંથી મુંબઈ માત્ર પહેરેલે ધોતિયે આવ્યો હતો, આજે તારો ભાઈ ડૉક્ટર છે. તારી બહેન વકીલાત કરે છે ને તું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયો...”

“પણ બાપા, એમાં...”

“આજે આપણી પાસે મોટર છે. રહેવાનો આપણો ઓનરશિપનો ફ્લેટ છે. બધી વહુઓને દાગીના છે ને આ હોટેલ છે. એ બધાનો સરવાળો કર અને એમાંથી ધોતિયું બાદ કર જે આવે તે નફો !”

વાહ, આને કહેવાય કોઠાસૂઝ મહાવિદ્યાલયના સ્નાતક

નંદલાલ ગઢીયા, દિલ્હી

# દિવસે દિવસે વધી રહેલા છુટાછેડાના બનાવો....
# એક ગંભીર સળગતી સામાજીક સમસ્યા

સદીઓથી ચાલતી આવતી ભારતીય લગ્ન પરંપરા કે જેમાં લગ્નને સાત જન્મનો સાથ ગણાયો છે તે લગ્ન ક્યાંક સાત વર્ષમાં તો ક્યાંક સાત મહિનામાં તો વળી ક્યાંક તો સાત દિવસમાં તુટવા લાગ્યા છે. પાછલા થોડા વર્ષોમાં ફેમિલી કોર્ટમાં છુટાછેડાના કેસોમાં દર વર્ષે વીસ ગણાનો વધારો આવે છે. તે જોઈને ખરેખર ચિંતા થાય છે કે શું આજકાલનાં લગ્નો આટલા તકલાદી થઈ ગયા છે ? લગ્નજીવન જેના ઉપર ટકે છે તેના ચાર પગ "પ્રેમ, ત્યાગ, વિશ્વાસ અને સમર્પણ" ઉપર, તે પગ આજે ડોલી રહ્યા છે. છુટાછેડા લેવામાં ખાસ કરીને યુવાન દંપતિનો બહુ મોટો ભાગ છે.

એક જમાનામાં છુટાછેડાને સમાજમાં કલંક ગણવામાં આવતું. દીકરી પતિ અને સાસરિયાને છોડીને જ્યારે કાયમ માટે માવતરમાં રહેવા આવતી ત્યારે વડીલો અને સગાઓ શરમ અનુભવતા.

આપણા સમાજમાં છુટાછેડાના બનાવો હમણા જ થોડા સમયમથી જ વધુ કેમ બની રહ્યા છે ? મારા હિસાબે ઘણા કારણો છે પણ જો સૌથી મોટું કારણ હોય તો તે છે સહનશીલતાની કમી.

આજે આપણો સમાજ એક એવી વિચિત્ર પરિસ્થિતીમાંથી પસાર થઈ રહ્યો છે જેમાં યુવાનો ઉચ્ચ શિક્ષણ લઈ રહ્યા છે. આધુનિક્તાની વાતો કરતા થયા છે પણ જ્યારે ઘરમાં હજુ જુના કે સામાજિક રીતરિવાજો, માન્યતાઓ અપનાવવામાં આવી રહી છે. વહુને પુત્રી તરીકે રાખવાની આદર્શવાદી વાતો બધી જગ્યાએ થાય છે પરંતુ વાસ્તવિક રીતે આચરણમાં ગણ્યાં ગાંઠ્યા ઘરોમાં જ થાય છે. પતિને ભણેલી આધુનિક જોબ કરતી પત્ની જોઈએ છે પરંતુ એ પત્ની જ્યારે જોબ પરથી થાકીને ઘરે આવે ત્યારે સાસરીયા અને પતિ તેની પાસેથી ઘરની ગૃહિણીની જવાબદારી નિભાવવાની આશા પણ રાખે છે.

સામે પક્ષે સ્ત્રી કમાતી હોઈ તેને આર્થિક ટેંશન ન હોવાથી 'હું શું કામ કોઈના તાબામાં રહું ?' તેવી ભાવના વધુ હોય છે. તેના લીધે નાની નાની વાતોમાં ઝઘડા થાય છે જેમ કે પરિવારના સભ્યોનું વર્તન, બાળકોની પરવરીશ, ઘરનું કામ, પોતાની પસંદ-નાપસંદ, વડીલોની દેખભાળ વગેરે. જ્યારે આ નાના નાના ઝઘડાઓ રોજ બને ત્યારે ધીમે ધીમે પતિ અને પત્ની વચ્ચે કડવાશ આવવા માંડે અને છુટાછેડામાં પરિણામે છે.

પતિ-પત્ની કે સાસુ-વહુઓમાં ઝઘડા તો પહેલેથી ચાલતા આવે છે. પણ ત્યારે કોઈ છુટાછેડા ના લેતું કારણ કે ત્યારે સમાજમાં મુરબ્બીઓ, પંચો સમાજ ઉપર સારો પ્રભાવ રાખતા, અડધા કેસ તો પંચ સુધી જવાથી સમાજમાં બદનામી થશે ના ડરથી ઘરમેળે જ પતાવટ કરી લેતા અને બાકીના અડધા સમાજના પ્રભાવશાળી વ્યક્તિ પોતાની કોઠાસુઝને કારણે સમસ્યાનો ઉકેલ લાવીને સમાધાન કરાવી આપતા.

સહનશીલતાના અભાવ સાથે આજે પતિ અને પત્ની બંનેને પોતાનું સ્પેસ એટલે કે મુક્તપણું જોઈએ છે. કોઈની શિખામણ એમને કટકટ લાગે છે. પત્નીને પતિ સિવાયની પરિવારની ઈતર વ્યક્તિ બોજારૂપ લાગે છે. પોતાનો પતિ સતત પોતાની સાથે જ સમય વિતાવે તેવી તેની ઇચ્છા હોય છે. પરંતુ ત્યારે પત્નીએ એ પણ ધ્યાન રાખવું જરૂરી છે કે પોતાનો પતિ ફક્ત પોતાનો જ નથી, સાથે કોઈનો પુત્ર પણ છે, કોઈનો ભાઈ પણ છે, કોઈનો મિત્ર પણ છે, નવા સંબંધો બાંધવાથી જુના સંબંધોને તોડી શકાતા નથી.

દિકરીઓના મા-બાપની વધુ પડતી દખલગીરી પણ એક મોટું કારણ બની રહ્યું છે. તેઓ તેમની પુત્રીને ખોટું પ્રોત્સાહન આપીને દીકરી સાસરે સુખી હોય તે છતાં તેના અંગત જીવનમાં દખલગીરી કરે છે અને મોબાઈલના આ યુગમાં દરરોજની નાની નાની વાતોને મોટું સ્વરૂપ આપી દે છે. આ સમસ્યામાં ફક્ત દંપતિ જ નહી પણ તે બંનેના પરિવાર પણ છુટાછેડા થાય ત્યાં સુધી તનાવમાં જ રહે છે. તેમાં જો યુવા દંપતિ હોય તો તેમનો કેરીયર બનાવવાનો સમય હોય છે ત્યારે આ સમસ્યા તેમને હેરાન કરીને તેમની કેરીયર પણ ડામાડોળ કરી નાખે છે.

આજકાલના વડીલોનો છોકરો કે છોકરી શોધવાનો નજરીયો બદલાઈ ગયો છે તે પણ આની પાછળનું એક કારણ છે. પહેલા વડીલો જ્યારે છોકરો કે છોકરી શોધતા ત્યારે સૌથી પ્રથમ તેમનું ખાનદાન, ચારિત્ર્ય, કાર્યકુશળતા જોતા અને છેલ્લી તેની સંપતિ જોતા જ્યારે આજે એનાથી ઉલ્ટું સૌથી પહેલાં સંપતિને મહત્ત્વ અપાય છે કઈ રીતે આવી તે પણ જોવાતું નથી પણ જો તે વધુ હોય તો બાકીને વસ્તુઓ જેમ કે ખાનદાન, સંસ્કાર, ચારિત્ર્યને વધુ જોવામાં આવતું નથી. ખરી રીતે જો ખાનદાન અને સંસ્કાર સારા હશે તો સંપતિ પણ મળશે પણ જો સંસ્કાર ખરાબ હશે તો સંપતિને જતાં વાર નહી લાગે.



છુટાછેડા થયા પછી જો સૌથી વધુ કોઈને ભોગવવું પડતું હોય તો તે છે તેમના નાના નાના નિર્દોષ બાળકો ! બાળકો ખુબ નાજુક અને સંવેદનશીલ હોય છે. એકબીજાથી છુટા પડવા મચી પડેલા

મા–બાપને કોણ સમજાવે એકલા માતા કે એકલા પિતાના પાલન કરવાથી બાળકમાં એક જાતની ઇનસીક્યોરીટી પેદા કરે છે જેનાથી બાળકનો વિકાસ રૂંધાય છે અને મોટા થયા પછી બીજા બાળકો કરતા અલગ વર્તાવ કરે છે બાળકને મા–બાપ બંનેના હુંફ અને સંસ્કારની જરૂર હોય છે.

અને સમજો છુટાછેડા લીધા પછી પાછા બીજા લગ્ન કરશે તો તેમાં સુખી જ થવાના તેની શું ખાત્રી ? એક તો છુટાછેડા પછી બીજા લગ્ન કરવા એ ખુબ મુશ્કેલ હોય છે. મોટેભાગે આવા કિસ્સામાં છુટાછેડાવાળા વિધુર કે વિધવા સાથે જ લગ્ન થાય છે અને તે પાત્ર પણ પહેલા પાત્ર કરતાં સારો મળશે તેની શું ગેરંટી ? અને જો સારો ન મળ્યો તો ત્યાં પણ એડજસ્ટમેન્ટ કરવું પડશે કારણ કે જો બીજા લગ્ન પણ સફળ ન થયા તો પોતે જ પોતાની જાત ઉપર નફરત અને શંકા કરશે. જો આવું થાય તો પહેલા લગ્નમાં જ એડજસ્ટમેન્ટ કરવું શું ખોટું ?

ખરૂં જોવા જઈએ તો વ્યક્તિનો સાચો ચહેરો લગ્ન થયા બાદ જ સામે આવે છે. પતિ–પત્ની વચ્ચે ક્યારેક ક્યારેક ઝઘડા થવા એ સામાન્ય બાબત છે. દુનિયાનું કોઈ ઘર એવું નહીં હોય કે જ્યાં ક્યારે પણ ઝઘડો ન થયો હોય. ઉલ્ટાનું જે દંપતિમાં ઝઘડો નથી થતો તો તે દંપતિ પોતાનું લગ્નજીવન નિભાવવાનું ઢોંગ કરી રહ્યું હોય છે અને તેમની વચ્ચે પ્રેમ નહીં પ્રેમનું નાટક જ હોય છે.

નાની નાની બાબતોના ઝઘડાઓ આજે મોટા સ્વરૂપો ધારણ કરી લે છે અને તે છુટાછેડાનું કારણ બને છે પણ સમજદાર વ્યક્તિ એ છે કે આ નાની વાતોને મોટું સ્વરૂપ ન આપે. ત્યાં જરૂર છે થોડી સમજણ અને એડજસ્ટમેન્ટની, સંબંધોમાં જ્યારે વધુ કડવાશ આવી જાય ત્યારે શાંતિથી વિચારો, થોડું જતું કરો, સહન કરતા શીખો, વધુ ઉત્તેજીત ન થાઓ, સામેવાળા પાત્ર સાથે ખુલ્લા દિલથી ચર્ચા કરો. જે વાતો ઉપર હંમેશાં ઝઘડો થતો હોય તે વાતને બને તેટલી ટાળવી જોઈએ. એકબીજાના દોષ અને અવગુણની ચર્ચા ન કરવી. જે વાત કરવાથી કડવાશ ઉભી થાય તે ના કરવી, જો સામેના પાત્રથી કોઈ ભુલ થાય તો મોટું મન રાખી ને માફ કરી દો અથવા પોતાની ભુલ થાય તો ઇગોને બાજુ પર મુકી પરત માફી માંગી લેવી જોઈએ. ઝઘડામાં બોલવા ઉપર સંયમ રાખવો જરૂરી છે ક્યાંક ગુસ્સામાં એવો શબ્દ ન નીકળી જાય કે તેના દિલમાં તીરની જેમ ઘુસી જાય. ગુસ્સામાં આવીને વાતચીત ક્યારેય પણ બંધ ન કરો, કારણ કે વાતચીતથી સમસ્યાનો હલ નીકળી શકે છે. તેનાથી પણ સમસ્યા ના સુલઝે તો સારા સમજુ સગાઓ, મિત્રોને વચ્ચે રાખી સમસ્યાનો ઉપાય કાઢો, થોડા દિવસ બંને એકબીજાથી અલગ રહીને જુવો અને જો સામે પાત્રની કમી સાલે તો ક્યારેય પણ છુટાછેડા ના લો.

ઘણી વખત સામેવાળું પાત્ર પોતાને બદલવા તૈયાર હોતું જ નથી તેવા સમયે બીજા પાત્રે મોટું મન રાખીને જતું કરવું જોઈએ. સમજો તમારા માતા કે પિતાનો સ્વભાવ સારો નથી છતાં તમે તેમને સંભાળી લો છો ને ? કારણ કે ત્યાં તમને બીજી કોઈ ચોઈસ નથી. તેવી જ રીતે બને ત્યાં સુધી પતિ કે પત્નીમાં સ્વભાવ સારો ન હોય તો તેને પણ સંભાળી લેવું જોઈએ.

તે સાથે ઘણી જગ્યાએ પતિને છુટાછેડા આપવા માટે પત્ની દ્વારા રીતસરનું બ્લેકમેઈલીંગ કરાય છે. હાલમાં સુપ્રીમ કોર્ટ ઈન્ડીયન પીનલ કોડ ૪૯૮એ ને રીતસર કાનુની આતંકવાદની ઉપમા આપી છે આ કાનુન ૧૯૮૩માં સ્ત્રીઓના સંરક્ષણ માટે બનાવવામાં આવ્યો હતો. પરંતુ હવે જમાનો બદલાઈ ચૂક્યો છે. આ કલમમાં સ્ત્રીની એક ફરિયાદથી પતિ અને તેનો પરિવાર જેલમાં જાય છે આજે ઘણી સ્ત્રીઓ આ કાયદાનો દુરૂપયોગ કરીને બ્લેકમેઈલીંગ કરીને લાખો રૂપિયા અને મિલકત માંગવા માટે કરી રહી છે.

છુટાછેડાની સમસ્યા છુપા કેન્સરની જેમ સમાજને ભરડામાં લઈ રહી છે જે રીતે આ સમસ્યા વધી રહી છે તે જોતાં લાગે છે કે આવનારા વર્ષોમાં આના લીધે સમાજમાં મોટી ઉથલપાથલ સર્જાશે અને કદાચ આપણા પૂર્વજોએ બનાવેલ લગ્નપ્રથા ડામાડોલ થઈને મૃતપ્રાય થઈ શકે છે અને સમાજની, પરિવારોની જ્યારે આંખો ખુલશે ત્યારે કદાચ બહું મોડું થઈ ચુક્યું હશે. ત્યારે રાજેશ ખન્નાનું પેલું ગીત જરૂર યાદ આવશે.

"જીંદગી કે સફર મેં ગુજર જાતે હૈ જો મકામ
વો ફીર નહીં આતે, વો ફીર નહીં આતે...."

લેખક : અમિષભાઈ જોબનપુત્રા, નાસીક

# સરાહનીય... શુભેચ્છા...



શ્રી લોહાણા મહાપરિષદના સહમંત્રી શ્રી ભવાનભાઈ કોટકની લગ્ન દિવસની વર્ષગાંઠ તા. ૯-૫-૨૦૧૬ નિમિત્તે શ્રી લોહાણા મહાપરિષદને રૂા. ૫૧૦૦/-ની શુભેચ્છા ભેટ પ્રાપ્ત થયેલ છે. સહચર્યમાં પરોવાયેલ આ દંપતિને તેમનું શેષ લગ્નજીવન આવું જ આનંદમય રહે તે માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.....

## મુંબઈ

### મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ :



શ્રી પૂના લોહાણા મહાજન દ્વારા માતૃસંસ્થા લોહાણા મહાપરિષદ, મુંબઈ સહ મહારાષ્ટ્રના વિભાગીય હોદ્દેદારો અને સભ્યોની શુભેચ્છા સભા તા. ૨૪ એપ્રિલને રવિવારના રોજ બોટ કલબ પૂના ખાતે આયોજીત કરાઈ હતી. વિભાગીય મહાજનોની પ્રવૃત્તિઓના સમન્વય સહ સંપર્ક સેતુ બળવત્તર થાય તેમજ માતૃસંસ્થાના ધ્યેયને મૂર્તીમંત કરવા હેતુ રચિત વિવિધ સમિતિઓના કાર્યક્ષેત્ર, પ્રવૃત્તીઓની જાણકારી, જવાબદારીઓ અંગેની જાણકારી આપવા ઉપરાંત વિભાગીય મહાજનો માતૃસંસ્થા સાથે જોડાયેલા રહી જ્ઞાતિના દરેક પરિવાર સુધી સંગઠન દ્વારા મદદ પહોંચાડી કે જરૂરી માર્ગદર્શન દ્વારા જ્ઞાતી પરિવારના ઉત્કર્ષે સમાજ સમૃદ્ધિનો ધ્યેયનો સંદેશો પહોંચાડવાના મુખ્ય આશયે વિભાગીય ઉપ-પ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરની અધ્યક્ષતામાં અને યજમાન મહાજનોના પ્રમુખ શ્રી પૂના લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ધીરૂભાઈ રાજા તથા શ્રી કચ્છી લોહાણા મહાજન-પૂનાના પ્રમુખશ્રી ના સહયોગે વિચારવિમર્શ દ્વારા પરિણામલક્ષી નિર્ણયો લેવા હેતુ પ્રારંભ થઈ હતી.

વિભાગીય ઉપ-પ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરે સંગઠનનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, માતૃસંસ્થા દ્વારા જ્ઞાતી યુવકોના ઉજ્જવળ ભવિષ્ય હેતુની બાબતોને લક્ષ્યમાં રાખી અનેક કાર્યો કરવામાં આવી રહ્યા છે. યુવાવર્ગ આર્થિક બાબતોને લઈ અધવચ્ચે અભ્યાસ ન છોડે, તે તકેદારી ઉપરાંત યોગ્ય અભ્યાસક્રમ પસંદ કરે તે હેતુસરનાં માર્ગદર્શન બાબતે વિશેષ માહિતી આપતાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા પ્રાપ્ય વિગતો આધારીત દેશના ૮૨ ટકા યુવાનો સ્નાતક થયા પહેલાં જ અભ્યાસ છોડી કામ-ધંધે લાગી જાય છે જ્યારે બાકીના ૧૮ ટકા સ્નાતક કે સ્નાતકેતર યુવાનો જે ડીગ્રી પ્રાપ્ત કરે છે તે ભણતર શરૂ કરતી વખતે વળતરની દૃષ્ટીએ જેટલી મહત્ત્વની ગણાતી હોય છે તેવું અભ્યાસક્રમ પૂર્ણ થયે વળતરરૂપ બનતી હોતી નથી જેમાં ખાત્રીપૂર્વકનું વળતર અભ્યાસ બાદ મેળવી શકાય તેવા "સ્કીલ"ના ક્ષેત્રે ફક્ત ૩ ટકા જ યુવાનો સ્નાતક થતાં હોય છે. આમ જો સ્કીલ ડેવલપમેન્ટ હેતુ માર્ગદર્શન અને સહકાર યુવાનોને આપવામાં આવે તો અભ્યાસ બાદ ખાત્રીપૂર્વક આર્થીક વળતર બાબતે આપણો યુવાન વધુ સમૃધ્ધ બની શકે અને આવા અભ્યાસક્રમ બાદ પણ સરકારશ્રી દ્વારા સ્વતંત્ર વ્યવસાય હેતુ કરવામાં આવતી મદદની જાણકારી મેળવવા જેવી અનેક બાબતોની જવાબદારીઓ આ પેટા સમિતિઓ દ્વારા જ જ્ઞાતીજનો સુધી પહોંચાડી શકાય તેવી ખાત્રી ઉચ્ચારી હતી. આ ઉપરાંત યુવાવર્ગ વધુ સંગઠીત બને તે હેતુસર રમતગમત સમિતિ તેમજ સગપણ ક્ષેત્રે સેતુ બંધાય તે હેતુસર દરેક મહાજનોની વિગતોની આપ લે થઈ શકે તેવા માળખાની ઉપસ્થિતિની જાણકારી આપતાં જણાવ્યું હતું કે આર્થીક કારણોસર રાજરોગ જેવા કેન્સર કે હૃદયરોગની બીમારીના હેતુ પણ માતૃસંસ્થા આર્થીક સહયોગ આપવા હેતુ કાર્યરત છે. આ પ્રકારે સંગઠનનું મહત્ત્વ જ્ઞાતિ હિતાર્થે કઈ કઈ રીતે ઉપયોગી થઈ શકે છે તેની માહિતી આપી હતી અને રઘુકુળ વિશ્વ આ દરેક બાબતોને દેશ વિદેશના જ્ઞાતીજનો સાથે સંપર્ક કેળવવાનું માધ્યમ હોતા વધુને વધુ લોકો રઘુકુળ વિશ્વના સભ્યો બને તે બાબત પર ભાર મુક્યો હતો. આ શુભેચ્છા સભામાં પૂના-કોલ્હાપુર-સતારા-સાંગલી-મીરજ-નાસીક અને મુંબઈથી મહાજનોના પદાધીકારીઓએ ઉપસ્થિત રહી સભા સફળ બનાવી હતી તેમજ માતૃસંસ્થાના પશ્ચિમ વિભાગના વિવિધ સભ્યો તથા પદાધીકારીઓની નિમણૂંકો કરી હતી.





સંકલન : કેતન પોપટ, મુંબઈ

# વિભાગીય સમાચાર

## મુંબઈ સહ મહારાષ્ટ્ર




શ્રી લોહાણા મહાપરિષદ સંચાલિત વાત્સલ્ય સમિતિ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગની સર્વપ્રથમ સભા તા. ૩૦–૫–૨૦૧૬ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ–મુંબઈની ઓફીસ મધ્યે મળી હતી જેમાં વિવિધ પ્રતિનીધીઓ તથા મહારાષ્ટ્રના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

સૌ પ્રથમ શ્રીમતી મીનાબેન ઠક્કરે અધ્યક્ષસ્થાનેથી સહુને આવકાર આપતાં વાત્સલ્ય સમિતિના હેતુઓની જાણકારી આપી હતી. વિભાગીય મંત્રી શ્રી શંભુભાઈ હરીયાણી, પીઆરઓ ડૉ. સુરેશભાઈ પોપટ, યુવા વિભાગના શ્રી નિખીલભાઈ સુબા તથા શ્રી રઘુકુળ વિશ્વના કો–ઓર્ડીનેટર શ્રી મુકેશભાઈ કોટકે વાત્સલય સમિતિની કાર્યપધ્ધતીની જાણકારી આપી હતી. વિવિધ મહાજન તરફથી આવેલ ઉત્સાહી સભ્યો કે જેમણે સમિતિમાં સામેલ થઈ. કાર્યમાં સહકાર આપવા તત્પરતા બતાવી હતી. જેમાં નાસિક મહાજનના ઉપપ્રમુખ શ્રીમતી શીતલબેન રાયચુરા, યુવા સંગઠનના શ્રી વિનોદભાઈ ખાખરીયા, થાણા મહાજનથી નીશાબેન હસમુખભાઈ પાંધી તથા શ્રી અભયભાઈ પંચમતીયા, મુંબઈ હાલાઈ લોહાણા મહાજનના ટ્રસ્ટી શ્રીમતી પ્રજ્ઞાબેન મોરઝરીયા તથા શ્રીમતી સરોજબેન પાબારી, કચ્છી લોહાણા મહાજન, મુંબઈથી શ્રીમતી નીધીબેન જોબનપુત્રા, મુલુંડ મહાજનથી ભારતીબેન પરમાણી, કલ્પનાબેન અંધેડીયા તથા અંજનાબેન જોબનપુત્રા, કચ્છી મહાજન ઘાટકોપરના વર્ષાબેન તન્ના, સૌરાષ્ટ્ર રઘુવંશી સેવા મંડળ મુંબઈના મે. ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ માખેચા તથા ટ્રસ્ટી પ્રકાશભાઈ ઠક્કર, પૂના મહાજનથી શ્રીમતી કિર્તીદાબેન દાસાણી, કલ્યાણ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મીનાબેન સેધાણી, ખજાનચી બિંદુબેન કાનાણી તથા શ્રી કમલભાઈ આડતીયા, ખપોલી મહાજનના સેક્રેટરી શ્રી અભયભાઈ તન્ના આ સર્વે એ તેમના મહાજનો તથા સંસ્થાઓની માહીતી આપી હતી તેમજ આગામી કાર્યક્રમો બાબતે વિચારવિમર્શ કર્યા હતા. સેક્રેટરીશ્રી પિયુષભાઈ ગંઠા, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, પ્રભારી શ્રી ભરતભાઈ દનાણી તથા ખજાનચી શ્રી નિતિનભાઈ પાંધી, સહમંત્રી (વહીવટ) શ્રી ભાવેશભાઈ મિરાણી, વાત્સલ્ય સમિતિના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ગઢીયા, ઉપાધ્યક્ષ શ્રી જીતુભાઈ પુજારા માર્ગદર્શન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

**સંકલન : મીના ઠક્કર**

## ઉત્તર-પૂર્વ વિભાગ



શ્રી લોહાણા મહાપરિષદ ઉત્તર પૂર્વ વિભાગના થેલેસીમિયા સમિતીના ચેરમેન શ્રી હરીશભાઈ ઠક્કરની અધ્યક્ષતા હેઠળ આયોજીત રક્તદાન શિબીર રવિવાર તા. ૮–૫–૧૬ વર્લ્ડ થેલેસેમીયા ડેના દિવસે ગુજરાતી સમાજના હોલમાં શ્રી લોહાણા મહાપરિષદના ભુતપૂર્વ અધ્યક્ષ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી તથા હરીશભાઈ ઠક્કરના સ્વહસ્તે સવારે ૯–૩૦ કલાકે દિપ પ્રગટાવી કરવામાં આવેલ. આ પ્રસંગે ઉત્તર–પૂર્વના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ઓંધિયા તથા પ્રોજેક્ટ લાઈફના ઉપપ્રમુખ શ્રી ઘનીશભાઈ શેઠ પણ હાજર રહ્યા હતા. આ રક્તદાન શિબીર લાયન્સ બ્લડ બેંકના સહયોગથી કરવામાં આવેલ જેમાં પ્રોજેક્ટ લાઈફના સભ્યોએ પણ સારો સહકાર આપેલ. આ શિબીરમાં ૧૦૧ યુનીટ રક્તદાન થયેલ જે થેલેસીમિયા પિડીત બાળકોના માટે વપરાશે. સંસ્થા દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી રક્તદાન શિબીરનું આયોજન કરવામાં આવે છે.

**સંકલન : વિનોદ ઠક્કર, ઓંધીયા**

## દક્ષિણ ભારત વિભાગ



તા. ૩ જૂન, ૨૦૧૬ના રોજ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા દક્ષિણ ભારત વિભાગના ઉપપ્રમુખશ્રી મુકેશભાઈ સાગલાણી જલારામ ભવન બેંગ્લોરની શુભેચ્છા મુલાકાત લીધી હતી જ્યાં શ્રી જી.એલ. સોઢા, શ્રી અમુખભાઈ રૂખાણા, શ્રી પ્રફુલભાઈ રાજા, સુશ્રી વિણુબેન સોઢા તથા સમગ્ર ટ્રસ્ટીમંડળે ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. જલારામ ભવનના મુખ્ય હોલમાં યોજાયેલ મિટિંગમાં પ્રમુખશ્રી પ્રવિણભાઈ તથા શ્રી હિમાંશુભાઈએ માતૃસંસ્થાની વિવિધ કાર્યપ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા અને સૌને સક્રિય હકારાત્મક ભૂમિકા ભજવવા અપીલ કરી હતી. આ તબક્કે તમારા મહેમાનોનું સન્માન ટ્રસ્ટીશ્રીઓ દ્વારા કરવામાં આવેલ. સંસ્થા દ્વારા ચાલતી મેડીકલ, અનાજ વિતરણ, ક્લિનીક તથા નજીવા દરે સમારોહ માટે અપાતી સગવડથી માહિતગાર થઈ પૂ. જલારામ બાપાના મ્યુઝિયમની મુલાકાત લઈ ધન્યતા અનુભવી હતી.

# મંત્રીશ્રીઓની મિટિંગ યોજાઈ



શ્રી લોહાણા મહાપરિષદના મંત્રીશ્રીઓ, સંયુક્ત મંત્રીશ્રીઓ, સહમંત્રીશ્રીઓ, કાર્યાલય મંત્રીની મિટિંગ તા. ૭ મે, ૨૦૧૬ને શનિવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય ઉપર યોજાઈ જેમાં સમગ્ર ટીમે ભાગ લઈ ગત માસમાં યોજાયેલ કાર્યક્રમ અંગે સમીક્ષા તથા વિચારોનું આદાન-પ્રદાન થયું. આ ઉપરાંત આ મિટિંગમાં વિવિધ સ્થાયી સમિતિઓના અધ્યક્ષશ્રીઓ સાથે કાર્યક્રમોના સુવ્યવસ્થિત આયોજન માટે સંકલન, વેબસાઈટને માહિતીસભર બનાવવા માટે તેમજ મિસ્ડ કોલ અને રક્ત સેવા પ્રોજેક્ટને ગતિશીલ બનાવવા વિવિધ સૂચનો આવેલ. આ ઉપરાંત વર્ષ ૨૦૧૬માં યોજાનાર આંતરરાષ્ટ્રીય એવોર્ડ્ઝ સમારોહના સમય અને સ્થળના આયોજન અંગે ચર્ચા વિચારણા થઈ હતી. આ ઉપરાંત માતૃસંસ્થાની વર્તમાન કાર્યપ્રવૃત્તિઓ અને યોજનાઓની માહિતીનું સુંદર સંકલન કરી એક બ્રોસર બનાવવાનો સુઝાવ આવેલ જે અંગે પણ શ્રી પ્રવિણભાઈ કોટકે બિરદાવી આ અંગે જવાબદારીઓ વહેંચી સૌને જવાબદારીપૂર્વક કાર્ય કરવા અપીલ કરી હતી. આ મિટિંગમાં મુંબઈથી ભાવેશભાઈ મિરાણી, અમદાવાદથી જીતેન્દ્ર કારીયા, શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી હર્ષદભાઈ કારીયા, શ્રી અંજનભાઈ કોટક, સુશ્રી સોનલ ઉનડકટ, શ્રી પ્રવિણભાઈ ભગદેવ, શ્રી ભરતભાઈ માવાણી, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હિંમતભાઈ ઠક્કર, શ્રી નિમેષભાઈ માણેક, શ્રી શશીકાંતભાઈ લાખાણી તથા શ્રી મનુભાઈ ગોકલાણી અને રાજકોટથી યોગેશભાઈ પૂજારા તથા અન્ય વરિષ્ઠ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## "Happiness Program"નો વર્કશોપ યોજાયો



પ્રમુખ શ્રી પ્રવવિણભાઈ કોટકના વિશેષ પ્રયત્નોથી શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર શ્રી શ્રી રવિશંકર પ્રેરિત હેપીનેસ પ્રોગ્રામ (જીવન જીવવાની કળા) તા. ૨૧ મે, ૨૦૧૬ થી ૨૯ મે, ૨૦૧૬ દરમિયાન યોજાયો. જેમાં ખૂબ જ અનુભવી ટ્રેનર શ્રી મેહુલભાઈ તથા શ્રી ટવીંકલભાઈ દ્વારા સુંદર શિબિરનું આયોજન થયું. જેમાં જ્ઞાતિના આગેવાનો એ ભાગ લઈ જીવન સારી રીતે કેમ જીવી શકાય તથા યોગનું જીવનમાં શું મહત્વ છે તે જાણ્યું હતું. આ પ્રાથમિક કાર્યક્રમના અંતે જીવનમાં સાર્થક કરવા યોગ્ય મુખ્ય અંશો :

જીવનમાં ઉર્જા (પ્રાણ શક્તિ)ના મુખ્ય સ્તોત્ર કયાં છે તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત આ શિબિરમાં માનવ જીવનને સ્પર્શતી ઘણી સારી બાબતો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. **ખોરાક :** પ્રમાણસર ખોરાક ઉર્જા ઉત્પન્ન કરે છે, જ્યારે વધારે પડતો (અપ્રમાણસર) ખોરાક ઉર્જાનો વિનાશ કરે છે. **ઉંઘ :** સામાન્ય માનવીને દરરોજની ૬ થી ૮ કલાકની નિંદ્રા સ્ફૂર્તિ બક્ષે છે, પરંતુ વધારે પડતી ઉંઘ બેચેની-આળસ પેદા કરે છે. **જ્ઞાન :** માનવ જીવનમાં જ્ઞાન ઉર્જા માટેનો એક મહત્ત્વનો સ્રોત છે. જીવનમાં ડગલે અને પગલે જ્ઞાનની જરૂરીયાત પડે છે. જ્ઞાન માનવીના જીવનમાં લોટમાં રહેલા મીઠા જેટલું જ હોય છે છતાં પણ યોગ્ય સમયે તેનો યોગ્ય ઉપયોગ માનવીના જીવનને ઉર્જાથી ભરી દે છે. **શ્વાસ :** શ્વાસ માનવ જીવનને ટકાવી રાખતું પરિબળ છે. શ્વાસ ઉપરનું નિયમન શરીરમાં એક નવીન ઉર્જાનો સંચાર કરે છે. પ્રાણાયામ તથા યોગ દ્વારા શ્વાસનું નિયમન કરી માનવી શાંતિ, એકાગ્રતા તથા શક્તિનો અનુભવ કરે છે. આ ઉપરાંત માનવજીવનને સ્પર્શતા કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પર પણ શિબિરાર્થીઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. **૧. અપેક્ષાઓ જીવનનો આનંદ ઓછો કરે છે :** જીવનમાં જેટલી અપેક્ષાઓ વધારે તેટલો જીવનમાં આનંદનો અભાવ રહે છે. સદાય આનંદિત રહેવા માટે જેમ બને તેમ અપેક્ષાઓનો ત્યાગ કરવો જોઈએ. અપેક્ષા મુક્ત જીવન જ આનંદનો સ્રોત છે. **૨. હંમેશા વર્તમાનમાં જ જીવવું :** માનવી હંમેશા તેના ભૂતકાળથી ઘેરાયેલો રહે છે, અને ભવિષ્યની ચિંતાઓ સતત તેને સતાવતી રહે છે. માનવીએ હંમેશા પોતાના વર્તમાન ને નજર સમક્ષ રાખી તેમાં પ્રાપ્ય તમામ આનંદને માણવાનો પ્રયત્ન કરવો જોઈએ. **૩. વિરોધાભાસી મૂલ્યો :** આપણા દ્વારા કરવામાં આવતા દરેક કાર્યના પાસાં હોય છે. જે સિક્કાની બે બાજુઓ જેવા હોય છે. દરેક કાર્યનું આવા વિરોધાભાસી મૂલ્યોને કારણે જ મહત્ત્વ હોય છે. **૪. બીજાની ભૂલો પાછળ ઈરાદાઓ ન શોધીએ.** જ્યારે પણ કોઈ વ્યક્તિ આપણી ભૂલો તરફ ધ્યાન દોરે ત્યારે તેની પાછળ તેનો કોઈ સારો-નરસો ઈરાદો છે તેવું ક્યારેય મનમાં ન લાવવું. **૫. વ્યક્તિ તથા પરિસ્થિતિઓનો તે જ સ્થિતિમાં સ્વીકાર કરીએ :** જીવનની દરેક ક્ષણે આવનારી પરિસ્થિતિનો તથા વ્યક્તિઓનો તે જે સ્થિતિમાં હોય તે જ સ્થિતિમાં સ્વીકાર કરવો. તેનાથી વધારે સારાની અપેક્ષા કરવામાં વર્તમાનમાં ઉદ્‌ભવેલી આનંદની ક્ષણો વહી જાય છે. **૬. બીજાના અભિપ્રાયોના શિકાર ન બનીએ :** જીવનમાં દરેક સ્થિતિમાં લોકોના અભિપ્રાયો તથા સલાહો તમારા કાર્યને બંધબેસતી હોય તેવું બનતુ નથી. માટે કોઈ પણ કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરવો પોતાના પર વિશ્વાસ રાખીને આગળ વધવું જોઈએ. આ ઉપરાંત આ શિબિરમાં ઉજ્વૈની શ્વાસ, પ્રાણાયામ તથા સુદર્શન યોગ જેવી યૌગિક ક્રિયાઓ પણ શીખવવામાં આવી હતી. તમામ શિબિરાર્થીઓએ આ ઉત્તમ પ્રકારની જીવનને સ્પર્શતી બાબતોને લઈને જીવનમાં હકારાત્મકતા લાવવા માટે સંકલ્પ કર્યો હતો. ઉપરાંત યોગ દ્વારા મનની એકાગ્રતા, સંકલ્પ શક્તિ તથા દઢતા વધારવા તેનો નિયમિત અભ્યાસ કરવા માટે ઉત્સુકતા બતાવી હતી. યોગ શિબિરમાં માનવીએ સદાય પ્રફુલ્લિત અને ઉત્સાહી રહેવા માટે પોતાના ચહેરા પર સદાય સ્મીત રાખવા તથા અન્ય વ્યક્તિઓના ચહેરા પણ સ્મિત રહે તેવા પ્રયત્નો કરી જીવનને હળવાશમય બનાવવા માટે ભાર મૂકવામાં આવ્યો હતો.

સંકલન : જીતેન્દ્ર કારીયા, કાર્યાલય

### રાજકોટ

કેરિયર ગાઈડન્સ એસોસિએશન, ગુજરાત દ્વારા તેના સભ્યોની મેમ્બર્સ ડિરેક્ટરી કમ પોકેટનું જામનગર રોટરી હોલ ખાતે એસોસિએશનના પ્રમુખ શ્રી આર.એન. કોટકની નિશ્રામાં સમુહ વિમોચન થયું. આ લઘુ પુસ્તિકામાં સંપર્ક યાદી વિદ્યાર્થી, વાલી અને સંસ્થાઓને કારકિર્દી માર્ગદર્શનમાં મદદરૂપ થાય તેમ મુકેલ છે. આ ખિસ્સાપોથીના લેખકો સર્વ શ્રી ડો. દેવાલી, જાહ્નવીબેન, ડૉ. પૂજા તથા ચેતનાબેન છે. પરામર્શક તરીકે ડૉ. ભાયાણી, પદ્દુભાઈ રાયચુરા અને આર.એન. કોટક છે. પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી રાજેશ લાખાણી છે. પ્રકાશક તરીકે શ્રી હિંડોચા અને રાજદેવ છે.

સંકલન : આર.એન.કોટક, રાજકોટ

### રાજકોટ

રાજકોટ : રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી રાજકોટ દ્વારા જ્ઞાતિના બાળકો માટે તા. ૧૫-૫-૨૦૧૬ના રોજ રંગપૂરણી તેમજ બૌદ્ધિક કસોટી સ્પર્ધા યોજાઈ ગઈ. સ્પર્ધામાં કુલ ૧૩૦ બાળકો ભાગ લીધો હતો. મેનેજીંગ ટ્રસ્ટી બિપીનભાઈ પલણે સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રમુખ રમણભાઈ કોટકે સંસ્થાની પ્રવૃત્તી અંગે પરિચય આપતાં જણાવેલ કે દરેક હરિફાઈમાં જરૂરી વસ્તુ એન્ટ્રી ફી લીધા વિના સંસ્થા તરફથી આપવામાં આવે છે. રંગપૂરણી હરિફાઈમાં (૧) દૃષ્ટિ જે. ચેતા (૨) મેઘા રાજદેવ તથા (૩) યશ્વી સવજીયાણી વિજેતા બનેલ. જ્યારે બૌદ્ધિક કસોટીમાં પ્રિયા સોમૈયા, મેઘા રાજદેવ, માનસી કારીયા, નિધિ તન્ના અને જીયા ઠક્કર વિજેતા બનેલ.

સંકલન : રમણભાઈ કોટક, રાજકોટ

### વડોદરા

મહીરેવા લોહાણા બોર્ડીંગ હાઉસ સંસ્થા છેલ્લા ૧૦૦ ઉપરાંત વર્ષોથી કાર્યરત સંસ્થા છે. સંસ્થા વડોદરા શહેરના મધ્ય વિસ્તાર રાવપુરામાં ૧૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તેવું છાત્રાલય ધરાવે છે. વડોદરાની પ્રખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી તેમજ પારૂલ યુનિવર્સીટી તથા સિગ્મા ઈન્સ્ટીટ્યુટ જેવી મહાવિદ્યાલયોમાં પ્રવેશ મેળવી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬માં અભ્યાસ કરવા માંગતા લોહાણા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે પ્રવેશપત્ર આવકારે છે. લોહાણા જ્ઞાતિના વધુને વધુ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લઈ પોતાની ઉન્નતીના શિખર સર કરે તે સંસ્થાનો હેતુ છે. પ્રવેશપત્ર સંસ્થાના કાર્યાલય ઉપરથી મેળવી શકાશે અથવા સંસ્થાના નંબર પર ફોન કરવાથી આપે જણાવેલ સરનામા ઉપર કુરીયર અથવા પોસ્ટથી મોકલી આપવામાં આવશે. કાર્યાલયનો ફોન નં. ૦૨૬૫૨૪૧૦૭૮૫ છે. વધુ માહિતી માટે મંત્રીશ્રી ઠાકોરભાઈ વ્રજલાલ ઠક્કર – મો.નં.૯૮૯૮૬૧૧૬૩૯નો સંપર્ક કરવો.

સંકલન : ઠાકોરભાઈ ઠક્કર, વડોદરા

### અંકલેશ્વર

શ્રી અંકલેશ્વર રઘુવંશી લોહાણા મહાજનની મહિલા શક્તિ પાંખ દ્વારા દર વર્ષની જેમ આ વખતે ત્રીજા વર્ષે પણ જોગર્સ પાર્ક – જીઆઈડીસીની નવી કોલોની ખાતે ચૈત્ર માસના નવ દિવસ વિના મૂલ્યે લીમડાનો રસ પીવડાવવામાં આવ્યો હતો. આરોગ્યની દૃષ્ટિએ જો ચૈત્ર માસમાં નવ દિવસ લીમડાનો રસ પીવાય તો આખું વર્ષ બિમારી આવતી નથી એ મુજબ આ સમાજ સેવાનું કાર્ય આ બહેનો દ્વારા કરવામાં આવે છે જેમાં સમાજના યુવા ટીમનો પણ એટલો જ સહકાર છે અને સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તથા કમિટી સભ્યો પણ પ્રોત્સાહન પુરૂં પાડે છે. આ બહેનો સવારે ૪ વાગ્યે ઉઠી લીમડાનો જ્યુસ તૈયાર કરી ૫-૩૦ વાગે પહોંચી જાય છે. બહેનોના આ ભગીરથ કાર્યનો લાભ સમાજના સૌ નાગરીકોએ લીધો હતો. આ કાર્ય દ્વારા સમગ્ર સમાજમાં લોહાણા સમાજની એક આગવી શાખ ઉભી થઈ છે.

સંકલન : નરેશ પૂજારા, અંકલેશ્વર

### નખત્રાણા

તા. ૨૨-૫-૨૦૧૬ના રોજ નખત્રાણા-કચ્છ ખાતે શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગૃપ દ્વારા યોજાયેલ ૩૦મા સમૂહ લગ્ન પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદ થેલેસીમીયા સમિતિ-કચ્છ વિભાગ, શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગૃપ તથા શ્રી અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના કચ્છ ઝોન દ્વારા થેલેસીમીયા કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૨૦૧ થેલેસીમીયા પરીક્ષણ કરવામાં આવ્યા હતા. કેમ્પ દરમ્યાન શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે.સી. ઠક્કર સાહેબ, અખિલ કચ્છ લોહાણા મહાજનના પ્રમુખ બળવંતભાઈ ઠક્કર, નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજેશભાઈ પલણ, એલ.એમ.પી. યુવા સમિતીના મહામંત્રી કમલભાઈ કારીયા, રઘુવીર સેનાના પ્રમુખ મયંક રૂપારેલ, જયેશભાઈ સચદે તથા અનેક મહાનુભાવોએ મુલાકાત લીધી હતી અને આ કેમ્પનું આયોજન તથા સંચાલન થેલેસીમિયા સમિતીના મહામંત્રી અમીત દિપકભાઈ ચંદેએ કર્યુ હતું.

સંકલન : અમીતભાઈ ચંદે, નખત્રાણા

### જામનગર

વ્રજભૂમિ જામનગર ખાતે રહેતા સમસ્ત રઘુવંશીઓનું ગત તા. ૩-૫-૨૦૧૬ના રોજ ગેટ ટુ ગેધર કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં સમાજને લગતી ચર્ચા વિમર્શ થયેલ તેમજ આવા કાર્યક્રમોનું અવારનવાર આયોજન કરવું તેવું નક્કી કરવામાં આવેલ આ કાર્યક્રમમાં અશ્વીનભાઈ કટારીયા, હષિતભાઈ ચંદારાણા, હરેશભાઈ ઠકરાર, રજનીભાઈ અમલાણી, ભરતભાઈ વસંત સહિતના રઘુવંશીઓ ઉપસ્થિત રહેલ.

સંકલન : અશ્વીનભાઈ કટારીયા, જામનગર

### નાગપુર

શ્રી ગુજરાતી સમાજ નાગપુર દ્વારા શ્રી કમલેશ રતિલાલ વસાણી લિખીત હાસ્યથી ભરપુર સામાજિક નાટકનું આયોજન તા. ૨૮-૫-૨૦૧૬ના રોજ વસંતરાવ દેશપાંડે સભાગૃહમાં કરવામાં આવેલ. આ નાટકમાં સમાજમાં પ્રવર્તતા હાલના મુદ્દાઓ જેવા કે ભ્રુણ હત્યા, મોટી હોસ્પીટલોમાં ચાલતા ભ્રષ્ટાચાર, થેલેસીમિયા નાબૂદી, ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓને ખૂબ જ સારી રીતે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ નાટકને માણવા માટે ખૂબ જ મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.

સંકલન : ભરતભાઈ ઠક્કર, નાગપુર

## કોઠારા-કચ્છ

શ્રી કોઠારા લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા રામનવમીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવેલ. બપોરના ૧૨ વાગે રામજન્મોત્સવનો કાર્યક્રમ દરિયાસ્થાન સંકુલના રામ મંદિરમાં રાખવામાં આવેલ. રામજન્મોત્સવ પ્રસંગે પૂજનવિધિ ગોર જયાશંકરે અને ગોર મનોજ મહારાજે ભગદે તૃપ્તિબેન હિતેશ વિ. એ સહપરિવાર જોડે કરાવી હતી. આ પ્રસંગે આરતી, થાળ અને ધૂનની રમઝટ વનુભા જાડેજા. નિખિલ ગજ્જર અને કિશોરીબેન જોષી બોલાવી હતી. સાંજે ગામના મુખ્ય માર્ગો પરથી ભગવાનશ્રીની રવાડી નીકળેલ જેમાં મોટી સંખ્યામાં રામભક્તો જોડાયા હતા. "શ્રી રામ જય જય રામ" નામથી ગામની ગલીઓ ગુંજી ઉઠી હતી. રવાડીના માર્ગમાં તનસુખભાઈ આચાર્ય તરફથી રામભક્તો માટે ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ. રાસ, છંદ, દુહા દામજી ચૌહાણ, તુલસીદાસ ધીરાવાણી, સુરેશ રૂપારેલ એ રજુ કર્યા હતા. સાંજે રામ મંદિરમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. રામજન્મોત્સવના દાતા સ્વ. શ્રી નારણજી પ્રેમજી ખાંટ, લઠેડીવાળા પરિવાર અને પૂજનવિધિની સામગ્રી તથા મહાઆરતી પ્રસંગે પ્રસાદના દાતા ઠા. ચત્રભુજ હીરજી સોનાગેલા પરિવાર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખશ્રી પ્રાણજીવનભાઈ ગણાત્રાના માર્ગદર્શન હેઠળ ભાવેશ સોનાઘેલા, કિશોર ભગદે, મહેશ ધીરાવાણી અને ગોરધનદાસ ભગદેએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

સંકલન : આર.એન.કોટક, રાજકોટ

## કલકત્તા

રઘુવંશી ફોરમ અને રઘુવંશી ફોરમ યુથ વિંગના સંયુક્ત ઉપક્રમે સભ્યો માટે વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રથમ આયોજન રૂપે રઘુવંશી પ્રિમીયર લીગ ઇનડોર ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૪-૪-૧૬ના રોજ સ્પ્રિંગ કલબ ખાતે કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટમાં કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ૮ પુરૂષ અને બે મહિલા ટીમો સમાવિષ્ટ હતી. દરેક ટીમમાં ૧૦ પ્લેયરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦-૩૦ વાગે રઘુવંશી ફોરમના સ્થાપકો રવિન્દ્રભાઈ વાઘાણી, જયશ્રીબેન વાઘાણી, હીરાલાલભાઈ રાજા, જ્યોતિબેન રાજા, વિનોદભાઈ ઓંધિયા, નિર્મળાબેન ઓંધિયા, પુરૂષોત્તમભાઈ પારેખ, કોકિલાબેન પારેખ, રાજેશભાઈ સરૈયા, સારિકાબેન સરૈયા, રઘુવંશી ફોરમના પ્રમુખ કિશોરભાઈ દત્તાણી, ઉપપ્રમુખ દીપકભાઈ કોટેચા, સચિવ મીનેશભાઈ ઠકરાર, ખજાનચી જેનીબેન કોટક, આઈટી ચેરમેન જયદીપભાઈ પલણ, રઘુવંશી ફોરમ યુથ વિંગના પ્રમુખ અમિતભાઈ પોપટ, ઉપપ્રમુખ રિશીભાઈ ઓંધિયા, સચિવ પિનાકીબેન કોટેચા, ખજાનચી કેવલભાઈ રાડિયા, રઘુવંશી ફોરમના પેટ્રન્સ ભાવનાબેન રાચ્છ, વસંતભાઈ રાચ્છ, ભારતીબેન ઠક્કર, હરીશભાઈ ઠક્કર, કાર્યાલય સમિતિ સભ્યો ક્રિષ્નાબેન દત્તાણી, કવિતાબેન કોટેચા, સોનાબેન ઠકરાર, કવિતાબેન મુખી, દીપ્તિબેન ગઢિયા, ચાંદનીબેન ગણાત્રા, લીનાબેન નથવાણી, નિતીનભાઈ નાગરેચા, ભાવેશભાઈ કોટક, પ્રતાપભાઈ ગણાત્રા અને જયનાબેન અઢિયા તથા દસે ટીમોના ઓનર્સ અને પ્લેયર્સે શિસ્તબદ્ધ રીતે હરોળમાં ઉભા રહીને રાષ્ટ્રગીત તથા રઘુવંશી ગીતનું સમૂહગાન કર્યું હતું.

સંકલન : કિશોર દત્તાણી, કલકત્તા

## અમદાવાદ

શ્રી લોહાણા પરિવાર, અમદાવાદ દ્વારા લોહાણા સમાજના યુવાન યુવક-યુવતીઓના લાભાર્થે એક જીવનસાથી પરિચય સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ સંમેલન તા. ૨૫-૯-૨૦૧૬ના રોજ સવારે ૧૦ થી સાંજે ૫ કલાક સુધી ટાગોર હોલ, પાલડી ખાતે યોજાશે જેમાં લોહાણા સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ પોતાના જીવનસાથી માટે યોગ્ય ઉમેદવાર પસંદ કરી શકે તે માટેના હેતુસર તેનું આયોજન કરવામાં આવેલ છે. આ સંમેલનમાં ઉમેદવાર તથા તેના માતા-પિતા ભાગ લઈ શકશે જેમાં આયોજીત ભોજન સમારંભમાં ઉમેદવાર તથા તેના માતા પિતા એમ કુલ ત્રણ વ્યક્તિની જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. ઉમેદવારનો પાસ ફક્ત ઉમેદવાર માટે જ ઉપયોગમાં લઈ શકાશે. ઉમેદવારની ગેરહાજરીમાં તેના પાસ પર બીજાને એન્ટ્રી આપવામાં આવશે નહીં. ભાગ લેનાર ઉમેદવાર યુવક-યુવતીઓનો થેલેસીમિયા ટેસ્ટ તથા તેમના જન્માક્ષર મેળવવાની વ્યવસ્થા પણ સ્થળ ઉપર રાખવામાં આવેલ છે. સંમેલનને લગતી માહિતી માટે પરિચય સંમેલન કન્વીનર શ્રી પ્રવિણભાઈ ડી. ભગદેવ મો. ૯૮૨૫૦૯૩૮૫૯નો સંપર્ક કરવો.

સંકલન : મહેન્દ્રભાઈ સોમાણી

## મુંબઈ

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ સંચાલિત દરિયાસ્થાન સ્ટ્રીટ વડગાદી સ્થિત ઐતિહાસિક દરિયાલાલ મંદિર સમગ્ર મુંબઈભરમાં વસતા સમસ્ત રઘુવંશીજનો માટે આસ્થા સ્થાનક છે. આ મંદિરમાં સ્થાપિત ઐતિહાસિક અખંડ જ્યોતનો પુનિત પ્રકાશ સકલ રઘુવંશને છેલ્લા સાર્ધશતકથી પ્રકાશમય કરે છે. આવા મંગલમય સ્થાનકે કુળદેવશ્રી દરિયાલાલજીની જન્મજયંતિ ચૈત્રીબીજ ચંદ્રદર્શન ઉત્સવ તા. ૮ એપ્રિલ ૨૦૧૬, શુક્રવારના રોજ ઉમંગભેર ઉજવવામાં આવી. આ દિવસે મંદિરમાં સ્થાપિત અખંડ જ્યોતે ૧૫૪મા વર્ષમાં મંગલપ્રવેશ કર્યો. કુળદેવશ્રી દરિયાલાલ દેવની અખંડ જ્યોતિના દર્શન અને પ્રસાદનો લાભ લેવા બૃહદ મુંબઈભરના શ્રદ્ધાળુ ભાવિકજનોનો વિશાળ સમુદાય ઉમટી પડ્યો હતો.

સંકલન : જગદીશ ગણાત્રા, મુંબઈ

## મુંબઈ

મુંબઈના કેળવણી ધામ એવા વિલે પાર્લેમાં આવેલ માતૃશ્રી કાનબાઈ, લાલબાઈ-મોતીબાઈ લોહાણા કન્યાશાળા અને બાલીકા ગૃહમાં ધોરણ-૮ થી ધોરણ-૧૨ માટે શિક્ષણ મેળવવા તથા ધોરણ-૧૨ પછી ડિગ્રી/ડિપ્લોમા અથવા વોકેશનલ (વ્યાવસાયિક) કોઈ પણ કોર્સમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છતી બાલિકાઓ માટેના ઉપરોક્ત કન્યા છાત્રાલયમાં ૨૦૧૬ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી દાખલ થવા ઈચ્છતી બાલિકાઓના પ્રવેશ માટેના અરજીપત્રો આવકાર્ય છે. લોહાણા જ્ઞાતિની વધુમાં વધુ બાલિકાઓ આ સંસ્થાનો લાભ લે તે હેતુથી આ સંસ્થા કાર્ય કરે છે. વધુ માહિતી માટે સંસ્થાના કાર્યાલય : નોર્થ સાઉથ રોડ નં. ૬, જે.વી.પી.ડી. સ્કીમ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬ તથા ફોન નં. ૦૨૨-૬૧૫૪૪૦૫૧/૭૭ ઉપર સંપર્ક કરવો.

સંકલન : એમ. જી. મજીઠીયા, મુંબઈ

વ્હાલા સભ્યશ્રીઓ,

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર "શ્રી રઘુકુળ વિશ્વ" વ્યાપક પ્રસિધ્ધિ પામી રહ્યું છે ત્યારે આ મુખપત્રનો પ્રચાર પ્રસાર  કરી વધુ ને વધુ આજીવન સભ્યો બનાવવામાં જે જે મિત્રો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માધ્યમ બન્યા છે તે તમામનો આભાર વ્યક્ત કરૂં છું અને આ જ પ્રકારના પ્રયત્નો સતત ગતિશીલ રહે એ જ અભ્યર્થના. આપણા મુખપત્રને આર્થિક રીતે પણ સક્ષમ બનાવવા જાહેરખબર તથા શુભેચ્છા સ્વરૂપે અનુદાન આપી રહ્યા છે. તેમનો પણ અંતઃકરણપૂર્વક આભાર....

– નરેન્દ્ર દાવડા, રાષ્ટ્રીય સંકલક-શ્રી રઘુકુળ વિશ્વ

## લગ્નવિષયક સમિતિ

સમગ્ર રઘુવંશી સમાજમાં લગ્નવિષયક બાબત માટે તમામ માતા–પિતાને તેમજ યુવક–યુવતીઓને યોગ્ય પસંદગી મળી રહે તે માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા લગ્નવિષયક સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિ દ્વારા પ્રેરિત પરિચય મેળાવડાનું આયોજન વિવિધ વિસ્તારોમાં કરવામાં આવી રહેલ છે. આ ઉપરાંત ઘરે બેઠાં ઉંમરના ગૃપ તેમજ શૈક્ષણિક ક્વોલિફિકેશન પ્રમાણે વોટસએપના ગૃપ વિવિધ રીતે વિભાજન કરીને બનાવવામાં આવેલ છે. દિકરીઓ શોધતા દિકરાના મા–બાપ સાથે **female group** કે જેમાં એક ગૃપમાં ૨૫૬ સભ્યો ઉમેરી તેમાં દિકરીઓના ફોટા તથા બાયોડેટા વાલીની સંમતિ લઈ મુકવામાં આવશે. આ ઉપરાંત દિકરીઓના માતાપિતા માટે એક ગૃપ બનાવવામાં આવશે જેમાં યુવકોના બાયોડેટા મુકવામાં આવશે. આ ગૃપમાં તમામ દિકરીઓના માતાપિતાને (પરિવારનો જે મોબાઈલ નંબર મળે તે પર) સભ્ય બનાવવામાં આવશે. સમગ્ર દેશમાં વિવાહ ઉત્સુક રઘુવંશી યુવક–યુવતીઓને પસંદગીનો યોગ્ય અવકાશ મળી રહે તે માટે નિ:શુલ્ક વ્યવસ્થા દરેક વિભાગમાં વિવિધ શહેરોમાં શ્રી લોહાણા મહાપરિષદની લગ્નવિષયક સમિતી દ્વારા ગોઠવવામાં આવશે. આ અંગે વિગતવાર માહિતી આગામી અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. આ ઉપરાંત સમાજના વિદેશમાં વસતા દિકરા–દિકરીઓ તેમજ ભારતમાંથી વિદેશ જવા ઈચ્છતા દિકરા–દિકરીઓ માટે પણ હાઈપ્રોફાઈલ ઉમેદવારો માટે બે થી ત્રણ દિવસનો અધતન પ્રકારનો કાર્યક્રમ ડિસેમ્બર ૨૦૧૬ના આખરી દિવસોમાં મુંબઈ ખાતે આયોજન કરવા માટે વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર તેમજ અન્ય વરિષ્ઠ હોદ્દેદારો દ્વારા વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ અંગે વિગતવાર કાર્યક્રમ નક્કી થયે આગામી અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

હસમુખ દાવડા, હૈદરાબાદ (ચેરમેન, લગ્નવિષયક સમિતિ)

## શિક્ષણ સમિતિ

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી ફાઉન્ડેશન અંતર્ગત જરૂરીયાતમંદ પરિવારોના દિકરા–દિકરીઓને પ્રોત્સાહન મળે તેવા શુભ આશયથી શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે એજ્યુકેશન સ્કોલરશીપ માટેનું ફોર્મ શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ **www.lohanamahaparishad.org** ઉપર ઉપલબ્ધ છે. આ યોજનાનો જરૂરીયાતમંદ પરિવારોને મહત્તમ લાભ મળે તે માટે આપને માધ્યમ બનવા માટે અપીલ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત માતબર ફંડનો ઉપયોગ થતો હોઈ લક્ષ્મીપુત્રોને પણ આ સત્કાર્યમાં પોતાનું યોગદાન આપવા માટે અપીલ કરવામાં આવે છે. સમાજશ્રેષ્ઠીઓનો ખૂબ સુંદર આર્થિક સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. આગામી અંકમાં આ યોજનામાં સહભાગી બનેલ દાતાશ્રીઓના નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.

ધર્મેશ હરિયાણી (ચેરમેન, શિક્ષણ સમિતિ)

## આરોગ્ય સમિતિ

મધ્યમવર્ગીય રઘુવંશી પરિવારોને આકસ્મિક આવી પડતી બિમારીઓમાં આવી પડતા આર્થિક બોજને કારણે ખૂબ મોટી સંખ્યામાં સહાય માટેની અરજીઓ મળી રહી છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ, રઘુકુળ આરોગ્ય નિધી, ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તેમજ અન્ય સમાજસેવી સંસ્થાઓ/ટ્રસ્ટો દ્વારા શક્ય મદદ કરવામાં આવી રહી છે. સરકારશ્રી દ્વારા આવી અનેક યોજનાઓ અમલમાં મૂકાઈ છે જેનો લાભ જરૂરીયાતમંદ પરિવારો મેળવી શકે છે આવી જ એક યોજના 'મા અમૃતમ્ વાત્સલ્ય યોજના' અંતર્ગત વાર્ષિક ૨ લાખથી ઓછી આવક ધરાવતા પરિવારોને સરકારશ્રી દ્વારા 'મા કાર્ડ' આપવામાં આવે છે. 'મા કાર્ડ' ધરાવતા પરિવારોને તમામ સરકારી હોસ્પિટલો તેમજ સરકારશ્રી દ્વારા પ્રમાણિત પ્રાઈવેટ હોસ્પિટલોમાં સંપૂર્ણ સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે અને આ દ્વારા થતો તમામ ખર્ચ જે તે હોસ્પિટલોને સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવે છે. નાયબ મામલતદાર અથવા તલાટીશ્રીનો આવકનો દાખલો અને જરૂરી પુરાવા રજુ કરવાથી આ કાર્ડ સરળતાથી મેળવી શકાય છે. દરેક મોટા શહેરોમાં મહાજનશ્રીઓને તેમજ તમામ સેવાભાવી જ્ઞાતિશ્રેષ્ઠીઓને આ અંગે યોગ્ય આયોજન કરી આ હેતુ માટે કેમ્પનું આયોજન કરી તમામ જરૂરીયાતમંદ પરિવારોને આ યોજનાથી લાભાન્વિત કરવા માટે હૃદયપૂર્વકની અપીલ કરીએ છીએ.

ડૉ. નંદલાલ માનસતા (ચેરમેન : આરોગ્ય સમિતિ)

**RNI NO. : GUJ/GUJ/2011/44815**
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th June 2016

*With Best Compliments from*



- **NKB INDUSTRIAL PRODUCTS PVT. LTD.**
- **ESSEN CONSTRUCTION**
- **KHUSHI REALCON PVT. LTD.**

*From*

Manilal Thacker
Hemant Kumar Thacker
Jitendra Kumar Thacker
Pradeep Kumar Thacker
Saurabh Thacker
Nishant Thacker

**OFFICE :**
Plot No. S-2/A-42, 43 & 44, Mancheswar Industrial Estate, Bhubaneswar-10
Phone : (0674) 2588877, 2588879, E-mail : constructionessen@gmail.com

**RESIDENCE :**
Plot No. 9-C, Jayadurga Nagar, Bomikhal, Cuttack Road, Bhubaneswar-6
Phone : (0674) 2575578 & 2571140

**President, Printer and Publisher :** Pravinbhai Kotak, **Editor :** Tarun Dattani
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Satellite, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)